વીવેકપંથી

તંત્રી : ગુલાબ ભેડા
કાર્યાલય : ૨-સી/૧, અસ્મીતા મોગરા, દત્ત જગદંબા માર્ગ, શેરે-પંજાબ સોસાયટી, અંધેરી (પુર્વ), મુંબઈ-૪૦૦ ૦૯૩.
ફોન : ૨૮ ૩૮ ૮૮ ૯૧

અંક ૬૦ મો

આ લેખ 'વીવેકપંથી'માં અક્ષરસઃ પ્રગટ કરવાનાં સુચન સાથે સુરતના ઉત્તમ ગજ્જર પુછે છે,"લેખ વાંચ્યા પછી ગુણવંત શાહને રેશનલીસ્ટોની નાતબહાર ગણવાનું કેટલી હદે યોગ્ય ગણાય ?" વીચારજો

સત્યની સ્ટ્રીટ લાઈટ્સ પર અંધશ્રદ્ધાનાં જાળાં

– ગુણવંત શાહ

અમીતાભ બચ્ચન જેવો મહાન અભીનેતા આટલો અંધશ્રધ્ધાળુ હોઈ શકે ? પુત્રવધુ ઐશ્વર્યાને મંગળ ન નડે તે માટે અભણ માણસો કરાવે તેવી ધાર્મીક વીધીઓ બચ્ચન પરીવાર કરાવે ત્યારે દેશના કરોડો માણસોને શી પ્રેરણા મળશે ? અમીતાભ છીંક ખાય તોયે સમાચાર બની જાય તેવો મોભો ધરાવે છે. વીજ્ઞાન અને ટેકનોલોજી તરફથી મળતા બધા જ લાભો પામ્યા પછી પણ આપણી વીજ્ઞાનવૃતી ખીલવાનું નામ નથી લેતી. હીન્દુ પ્રજાની અંધશ્રધ્ધા શીક્ષણને ગાંઠતી નથી. અંધશ્રધ્ધા અને ચમત્કારના પ્રશ્ને ભણેલા અને અભણ વચ્ચે ઝાઝો તફાવત નથી. હજી આપણે સૌ માદળીયાયુગમાં જીવીએ છીએ. સચીન તેન્ડુલકર સાંઈબાબા પાસે કૃપાની યાચના કરવા જાય છે. રેશનલીસ્ટ કરુણાનીધીના નીવાસ ગોપાલપુરમાં સાંઈબાબાની પધરામણી થઈ ત્યારે મુખ્ય પ્રધાનની પત્ની દયાલુ અમ્માલે બાબાનાં ચરણોમાં દંડવત્ પ્રણામ કર્યા અને સ્વજનો વચ્ચે બાબાની હથેળીમાં પ્રગટ થતી ચમત્કારી વીંટી મેળવવા માટે પડાપડી થઈ હતી.

આપણા સમાજને લક્ષચંડી યજ્ઞની નહીં, નસબંદી યજ્ઞની જરૂર છે. દેશની ગરીબી બચરવાળ છે તેથી વીકાસદર વીકાસડરમાં ફેરવાઈ જાય છે. ખાલી પેટ અને ભરેલાં ગર્ભાશયોની સંખ્યા વીકરાળ છે. નવા મંદીરો બંધાય છે, પરંતુ નવાં સંડાસ તૈયાર થતાં નથી. ટીવી પર બધી ચેનલો અંધશ્રદ્ધા પીરસતી રહે છે. ક્યારેક ગ્રહદશાની ચર્ચા થાય છે તો ક્યારેક રુદ્રાક્ષની માળાનો મહીમા કરવામાં આવે છે. વાસ્તુશાસ્ત્ર, હસ્તરેખાશાસ્ત્ર, જ્યોતીશશાસ્ત્ર, ફેંગશુઈ અને વળી ટેરોટનાં પાનાં પરથી ભવીશ્ય ભાખવામાં ગપ્પાંબાજીને ચાર ચાંદ લાગી જાય છે. જ્યલલીથા પોતાના નામમાં એક અક્ષર ઉમેરાય તેવું કરીને ન્યુમરોલોજી સાથે જોડાયેલી અંધશ્રધ્ધાને દૃઢ કરે છે. નવી ખરીદેલી કારની નેમ પ્લેટ પર અમુક આંકડા આવે તે માટે લોકો રુશવત આપે છે અને રાહ જુએ છે. સીઝેરીયન ઓપરેશન શુભ દીવસે અને શુભ મુહુર્તમાં થાય તેવી ગોઠવણ કરવામાં ભણેલા લોકો અભણ લોકો કરતાં ખાસ આગળ છે.

અંધશ્રધ્ધાળુ હોવું એ કંઈ ધાર્મીકતાની નીશાની નથી

પ્રત્યેક ક્ષણને પવીત્ર ગણે તે ખરો ભક્ત અને પ્રત્યેક ક્ષણને સરખી ગણે તે સાચો નાસ્તીક ગણાય. ૧૩નો આંકડો અશુભ ગણાય તેવું ક્યા મહામુર્ખે કહ્યું છે? મારા દીકરાએ મુંબઈના બહુમાળી મકાનમાં હઠપુર્વક તેરમો માળ પસંદ કર્યો હતો. મારી દીકરીનાં લગ્ન કમુરતામાં થયાં હતાં. હીન્દુઓ શુભ મુહુર્ત જોવડાવવાનું તુત ક્યારે છોડશે ? અમાસને દીવસે ટ્રેનના ડબ્બાઓમાં ઓછી ભીડ હોય એવું શા માટે ? મારા દીકરાની લગ્નવીધી પણ મારાં (વીધવા) મોટાં બહેને કરાવી હતી. દેશી કેલેન્ડરનાં ખાનાંમાં વીચીત્ર શબ્દો વાંચીને મન વીચારે ચડી જાય છે. વીંછુડો બેસે એટલે શું ? સંકટયોથ એટલે શું ? પંચાંગ પ્રમાણે બધી તીથીઓ સાથે જોડાયેલી વીધીઓ પ્રમાણે જીવવાનું માણસ નક્કી કરે, તો એ જીવનમાં બીજું કશુંયે કરી ન શકે. આવતા એપ્રીલની ૧૪મી તારીખ આંબેડકરજયંતી અને વલ્લભાચાર્યજયંતી છે. તે જ દીવસે 'મીન માસનાં કમુરતાં પુરાં થાય છે' એવું કેલેન્ડરના ખાનામાં લખાયું છે. વળી

રરમી જુનના ખાનામાં લખ્યું છે : “જૈનોનો કેરીત્યાગ.” સત્યની સ્ટ્રીટ લાઈટ્સ પર અંધશ્રધ્ધાનાં કેટલાં જાળાં ?

પ્રત્યેક ક્ષણને સરખી ગણે તે સાચો નાસ્તીક

પ્રત્યેક ધર્મમાં પડેલી સુવાસ બાજુ પર રહી જાય અને કેવળ કર્મકાંડ સાથે જોડાયેલી અંધશ્રધ્ધા જામી પડે ત્યારે ધર્મનો મર્મ ખતમ થાય છે. કેરી ખતમ થાય છે અને બાવાજીના આશ્રમમાં અથાણાંનું માર્કેટીંગ થતું રહે છે. અંધશ્રધ્ધાળુ હોવું એ ‘ધાર્મીક’ હોવાની નીશાની નથી. આસ્તીક માણસની અપ્રામાણીકતાનો કોઈ બચાવ ન હોઈ શકે. તે જ રીતે જુઠા માણસની નાસ્તીકતા પણ નઠારી ગણાય. નાસ્તીક માણસ આપોઆપ રેશનલીસ્ટ બની જાય એવો વહેમ ખાસો લોકપ્રીય છે. એ વહેમને કારણે ક્યારેક છીછરા દાવાઓ કરવાની ઉતાવળ થતી રહે છે. કોઈ રેશનલીસ્ટ જુઠો, રુશવતખોર અને કરુણાશુન્ય હોય, તો તે નાસ્તીક હોય તો યે ‘રેશનલ’ ન ગણાય. કોઈ ધાર્મીક ગણાતો માણસ શોશણખોર, દંભી અને અંધશ્રધ્ધાળુ હોય તો તેને ‘ભગત’ ગણવામાં જોખમ છે. મુળ વાત પ્રામાણીક જીવનશૈલીની છે. સ્તાલીન અને માઓ ઝેડોંગ નાસ્તીક હતા. પરંતુ તેમને ‘રેશનલ’ કહેવાનું યોગ્ય નથી. બન્ને નેતાઓએ પોતાના જ દેશના લાખો નીર્દોશ મનુશ્યોની કતલ કરાવી હતી. તેમને ‘વીવેકબુદ્ધીવાદી’ કહેવામાં વીવેક અને બુદ્ધીની ક્રુર મશ્કરી થાય છે. આપણી સંસ્કૃતીમાં તર્કને રુશીનો દરજ્જો આપવામાં આવ્યો છે. શંકરાચાર્યે વીવેકને મુગટમાં જડેલો મણી (વીવેકચુડામણી) ગણાવ્યો છે. તર્ક અને વીવેકની ઉપાસના નાસ્તીક અને આસ્તીક બન્ને કરી શકે છે. રેશનલીઝમનો સંબંધ મુળ સત્યની શોધ સાથે છે એ શોધ પવીત્ર છે.

એક્સરે
ખાલીપણું તો એકલાથી ન થયું સહન,
પંખી નથી તો ડાળનો હીસ્સો નમી ગયો.
એક પળ મારાથી જે અળગા નથી રહ્યા,
એ કહે તારા વગર જીવી શકાય છે.
સાવ સુકકી ભઠ્ઠ નદીની રેત પણ,
બેઉ કાંઠે આજ ખળખળવા મથે.
અંકીત ત્રીવેદી

(કાવ્યસંગ્રહ ‘ગઝલપુર્વક’ – ઈમેજ પબ્લીકેશન)

[૧૭ ફેબ્રુઆરી ૨૦૦૭ ના ‘અભીયાન’માંથી સાભાર]

વૈજ્ઞાનીક વલણ વીકસાવીએ

– ડંકેશ ઓઝા

વહેમ અને અંધશ્રધ્ધાથી આપણો ભારતીય સમાજ માત્ર જ નહીં, દુનીયાના ઘણા બધા સમાજો આડા અને ઉભા વહેરાય છે. આ સામાજીક દુશણ ખાસ કરીને અલ્પવીકસીત દેશોમાં વધુ જોવા મળે છે. પરંતુ એનો અર્થ એ નથી કે વીકસીત અને સમૃદ્ધ દેશો તેને નીર્મુળ કરી શક્યા છે. ત્યાં પણ નવા સમાજને અનુરુપ અવનવા વહેમો જોવા મળે છે.

આ વહેમ અને અંધશ્રધ્ધા લોકમાનસમાંથી દુર કરી સ્વસ્થ સમાજની રચનાનું કામ આપણે આરંભીએ, તો આપણી આજુબાજુનો સમાજ તેટલે અંશે વધુ રહેવા યોગ્ય બને. આ કામ સરકાર કરતાં સમાજની કક્ષાએ થાય, તો વધુ સ્વીકાર્ય બને અને એ જ વધુ હીતાવહ પણ ગણાય.

દુર્ગારામ મહેતા, નર્મદ, નરસીંહભાઈ પટેલ, ડાહ્યાભાઈ નાગરીક અને અબ્રાહમ કોવુર જેવાઓએ આ કામ કર્યું છે. પરંતુ તે પરંપરા હજુ આપણે ત્યાં કાયમી રીતે દેખા દેતી નથી. કયાંક કોઈક કેડીઓ કંડારે છે, પણ તે લોક આંદોલનનું સ્વરૂપ ધારણ કરતી નથી.

વૈજ્ઞાનીક માનસ કેળવવાની વાત બંધારણના આમુખમાં દેખા દે છે, પરંતુ વ્યવહારમાં આપણા ભારતીય સમાજના અગ્રવર્ગમાં પણ તે બહુધા નજરે ચઢતી નથી. આ માટેની પુર્વશરત સંદેહની શરુઆતની છે, ગતાનુગતીક સ્વીકારની નહીં. પરંતુ આપણા સમાજનાં વ્યાવર્તક લક્ષણોમાંનું એક એ છે કે આપણે પરંપરાવાદી, એકાધીકારવાદી અને વડીલશાહી માનસ ધરાવીએ છીએ. આપણે પ્રાશ્નીકોની કદર નથી કરતા, પરંતુ શ્રદ્ધાળુ ભક્તજનોની કરીએ છીએ. તર્કની, તર્કપુત વીચારમાંડણીની, સોક્રેટીક પ્રશ્નોત્તરીની પરંપરા આપણે ત્યાં મુળીયાં નાખી શકતી નથી.

શીક્ષણ એ સરકારી નીતીનો વીશય બની ચુકયું છે ત્યારે આ દીશાઓ ખુલે તેવા શીક્ષણની કોઈ અપેક્ષા રાખે તો તે સ્વાભાવીક છે. અનેક પ્રકારના જડમતવાદી, પરંપરાગ્રસ્ત, અંધશ્રદ્ધાજન્ય, વહેમી વીચારોમાંથી વ્યક્તીને મુક્ત કરે, તેને કોઈપણ બાબત સાશંક બનાવી પ્રશ્ન કરતો કરે અને પ્રતીતીજનક પ્રત્યુત્તરો ન સાંપડે ત્યાં સુધી તે આડેઘડ પારંપરીક કશું સ્વીકારે નહીં તેવું

શીક્ષણ તેને સુલભ બને તે સહજ અપેક્ષીત છે. શીક્ષણ પાસેથી આ લઘુતમ કહો તો લઘુતમ અને ગુરુતમ કહો તો ગુરુતમ અપેક્ષા છે. આપણા પ્રાદેશીક છાપાં – સામાયીકો રાજકારણને મર્યાદીત કરી, સમાજકારણની પણ થોડી ચીંતા સેવે, કમીશનરી મટી થોડો મીશનરી ઉત્સાહ દાખવે, તો પણ લોકસમાજનું આ દીશાનું વ્યાપક અજ્ઞાન દુર થાય.

કુટુંબમાં વડીલો, નીશાળ–કોલેજોમાં અધ્યાપકો અને કચેરીઓમાં અધીકારીઓ પ્રશ્નોને, પડકારોને સહજ મનોવલણથી આવકારતા થાય તો આ દીશામાં ભોં ભાંગવી શક્ય છે, અન્યથા નહીં.

બી. પ્રેમાનંદ જેવા દક્ષીણ ભારતવાસીઓએ જે ઉત્સાહથી વીજ્ઞાનયાત્રાઓ યોજવાનું મુનાસીબ માન્યું છે તે સર્વત્ર ચારે કોર પ્રસરે તો ગ્રામલોકસમુહોમાં ઘણા બધા પ્રશ્નો વીશેની વૈજ્ઞાનીક સુઝ–સમજ વીકસાવવાનું કદાચ શક્ય બને. ડો. અનીલ સદગોપાલ જેવા વૈજ્ઞાનીક સમાજસેવકો આ કાર્યક્રમને જરૂરી આભા પુરી પાડી શકે. મેડીકો ફ્રેન્ડઝ સર્કલ જેવાં સામાજીક નીસબત ધરાવતાં જુથો આરોગ્ય અને રોગનીદાન અંગે પ્રાથમીક, પાયાની અને વૈજ્ઞાનીક એવી સાચી સમજણ પ્રસારવામાં સહાયભુત થાય તો મોટો પ્રજાસમુહ દોરા–ધાગા, મંત્ર–તંત્ર, ભુવા–જોગીના ભુતમાંથી છુટે.

સત્યશોધક સભા જેવી સંસ્થાઓ નીદર્શન દ્વારા ચમત્કાર ગણાતા–ગણાવાતા પ્રયોગો કરી બતાવી, તેમની પાછળ રહેલા સાદા અને પ્રાથમીક એવા પાયાના વૈજ્ઞાનીક સીદ્ધાંતો લોકોને સમજાવે છે તે ઘણી બધી રીતે અસરકારક અને ઉપકારક છે. જે કામ સાહીત્યનાં થોથાં નથી કરી શકતાં તે પ્રત્યક્ષ નીદર્શન, પ્રશ્નોત્તરી અને તેની સમજણથી શક્ય બને છે. આવી સંસ્થાઓ ગામેગામ યુવકો તૈયાર કરે, તાલીમ આપે અને વ્યાપકપણે જાહેર નીદર્શનો કરે તો આશાને અવકાશ છે.

આપણી સામાજીક–આર્થીક પરીસ્થીતીમાં આ બાબતે નીસબત ધરાવતી વ્યક્તીઓ પણ જ્યારે પુર્ણસમય ફાળવી શકતી નથી ત્યારે વ્યાપક જનસમુહો પણ તે જ કારણોસર તેમાંથી કુદકા મારતા રહેતા હોવા છતાં બહાર આવી શકતા નથી તે પણ સમજાવું જોઈએ.

આ છતાં, આશા ગુમાવવાને કોઈ કારણ નથી. જેને જીવવું છે. વીચારવું છે, કંઈક કરવું છે. જેને વ્યાપક સામાજીક નીસબતનો અભીશાપ સાંપડયો છે, તેણે આશા ગુમાવવી પોશાય તેમ પણ નથી જ ને ?

"સાધુબાવા, બાપુઓ, સંપ્રદાયના ગુરુઓએ શરીરને એક અદાલત બનીવી દીધું છે.

દર અઠવાડીયે મહાત્માઓની વાણી સાંભળવા જનારી યુવાન સ્ત્રીઓ માટે આધ્યાત્મીક હોસ્પીટલો ખોલવી જોઈએ, જ્યાં એ જલ્દી બુઢ્ઢી થઈ જાય એવા રાસાયણીક પ્રયોગો કરવા જોઈએ."

"બી. એસસી. થયેલી રપ વર્શની માતા ચર્ચને દરવાજે લાકડાનાં હાથપગ ચઢાવતી હોય, ગ્રેજ્યુએટ થયેલો સાધનસંપન્ન યુવક પોતાની જન્મ કુંડળી જુદા જુદા લોકોને બતાવતો ફરતો હોય, કે મંગળ–શનીના નંગની વીંટી પહેરતો હોય તો તે કરુણતા છે. પંદર–વીશ વર્શની છોકરી શુક્રવારે ચણા ખાઈને વ્રત લેતી હોય, રસ્તામાં જેટલા ઠેકાણે સીંદુર દેખે તેને પગે લાગતી હોય, રોજ શુકન–અપશુકન જોયા કરતી હોય એ પણ કરુણતા છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ડોકટર કે વકીલ જેવા શીક્ષીતો પોતાની કચેરી કે દવાખાનામાં લીંબુ– મરચાં લટકાવતા હોય, અભણ ગોર મહારાજને બોલાવીને બે નંબરના ચોપડા પુજાવતા હોય એ પણ કરુણતા છે."

[ઉપરનો લેખ ડો. જેરામ દેસાઈના ગ્રંથ "વહેમ–અંધશ્રધ્ધા નીશેધ"નાં પાનાં નં ૭૫ થી ૭૮ ઉપર છપાયેલો છે]

નીરાશ થયેલા ગ્રંથપ્રેમીઓ માટે એ ગ્રંથ ફરી ઉપલબ્ધ થાય છે

નડીયાદના ડો. જેરામ જે. દેસાઈએ પોતાના કાંડે ઘા નાખીને 'વહેમ–અંધશ્રધ્ધા નીશેધ'નો ૬૧૦ પાનાંનો દમદાર ગ્રંથ માત્ર રુ. ૩૦માં વીતરીત કર્યો તેની ૨૦૦૦ નકલો તો 'તાવડી પર ટીપું' પડે તેમ વહેંચાઈ ગઈ અને આગોતરા અસંખ્ય મનીઓર્ડરો જેરામભાઈએ પાછા વાળવા પડયા છે, જેનું એમને દુખ છે. સ્થીતી એ થઈ છે કે ગ્રંથકાર પાસે પણ એકેય નકલ રહેવા પામી નથી.

ખીમજી કચ્છીના પ્રયત્ને

હવે એ ગ્રંથની વધુ ૨૫૦૦ પ્રતો પ્રગટ થઈ ચુકી છે, જે માટે પ્રતદીઠ રુ. ૪૦ + રવાનગી ખર્ચ મનીઓર્ડરથી મોકલી નીચેના સરનામેથી ગ્રંથ મંગાવી શકાશે તેમ સુરતના રેશનલીસ્ટ ખીમજી કચ્છી 'વીવેકપંથી'ને જણાવે છે.

સહજાનંદ રુરલ ડેવપલમેન્ટ ટ્રસ્ટ, મીરઝાપુર રોડ, જી.એમ. ડીસ્ટ્રીકટ ગેસ્ટ હાઉસ નીચે, ભુજ (કચ્છ)



સનડે મહેફીલ: 'ઉત્તમ' કર્મયોગ

– રમણ પાઠક

ખુબ સુખદ રીતે : આલંકારીક પરીભાશામાં કહું તો ત્રણ ત્રણ મહાસાગરોનો સુભગ સંગમ સાધતી, નાનકડી છતાં સબળ પ્રવાહવાળી નહેરનું મંગલ ઉદઘાટન થઈ ચુકયું છે અને તેય વળી એક નાનકડા વીનમ્ર છતાં સબળ તથા નીશ્ઠાવંત પુરુશ દ્વારા, વળી કોઈ નવી જ ભાતે, અનોખી રીતે ખરેખર જ અભુતપુર્વ પ્રયોગથી અને પ્રખર પુરુશાર્થથી !

એ વીન્રમ તપસ્વી પુરુશના આશ્ચર્યવંત પરીચયની કથા આરભું તો, એ માણસના મનમાં એકદા એક મંગલ વીચાર પ્રગટ્યો : 'વીદેશમાં વસતા ગુજરાતી બાંધવોને અહીં પ્રગટતા ગુજરાતી સાહીત્યમાંથી ઉત્તમ કે મજેદાર વાચન યથાશક્તી ઉપલબ્ધ કરાવી શકીએ તો ?' વાંચીને વંચાવવાનો આનંદ તો અદકેરો જ છે, એ મનોવૈજ્ઞાનીક સત્ય એક પ્રેરણાકાર્ય રુપે આ સેવાભાવી અને સદા જાગ્રત એવી વ્યક્તીના સજાગ ચીત્તમાં વસી ગયું, અદમ્ય રીતે વીલસી રહ્યું.

પરીણામે તેમણે એ કાર્ય સ્વેચ્છાએ, નીજી રસથી, નીજાનંદરુપે ઉપાડી જ લીધું અને કશી જાહેરાત, પ્રસીધ્ધીની લાલસા વીના જ, અનાયસ અને સહજ ભાવે આ કાર્ય એમણે આરંભી પણ દીધું.

દસેક વર્શ પહેલાં શરુઆત એમણે ટપાલ રવાનગીથી કરી હતી. તેઓ પોતીકા ખર્ચે, નીજી શ્રમથી મહીને સો બસો કે એથી વધુ ટપાલ રવાના કરતા હતા.

ત્યાં કોમ્પ્યુટર આવ્યું અને આ મીત્રની સેવા પ્રવૃત્તીમાં રંગ આવી ગયો. આ નીત્ય યુવાન વૃધ્ધે કોમ્પ્યુટરની ચાવીઓ કીક...કલીક.. કરતાં. ઝટપટ શીખી લીધું. એમણે ઈ–મેઈલ મારફત વાચનયોગ્ય સાહીત્યની હેરાફેરી ચાલુ કરી.

ટુંક સમયમાં જ આ કાર્ય એટલું તો નીયમીત બની રહ્યું કે દર શનીવારે વીદેશવાસી મીત્રોને આવી રસીક સામગ્રી તેઓ અચુક પહોંચતી કરે જ, જેથી એ લોકો શની–રવી નીરાંતે એ વાંચી–માણી શકે. એથી જ એ પ્રવૃત્તીને એમણે નામ આપ્યું 'સનડે મહેફીલ'

આજે આવી ઉત્તમ 'સનડે મહેફીલ' માણનારા વીદેશી સંખ્યાનો આંકડો આશરે અઢી હજાર ઉપર પહોંચ્યો છે.

આ બધા આવકાર્ય કાર્ય વીસ્તારના મુળમાં 'ઉંઝા જોડણી'ની નીશ્ઠાવંત સાધના છે. આવા અજોડ પુરુશાર્થના આરાધકનું નામ છે ઉત્તમ ગજજર (૫૩, ગુરુ નગર, વરાછા રોડ, સુરત – ૩૯૫ ૦૦૬)

['ગુજરાતી મીત્ર' તા. ૧૬–૧૨–૦૬ 'રમણ ભ્રમણ'નો સંક્ષેપ]

સન્ડે–ઈ–મહેફીલ મારફતે "ગુજરાતમીત્ર" વીશ્વના ત્રણ હજાર ગુજરાતીઓ સુધી પહોંચ્યું

– શશીકાન્ત શાહ

ઘણાં ગયા મહીને ઉત્તમભાઈએ પોતાની નીયમીત રીતે ચાલતી 'સન્ડે–ઈ–મહેફીલ' માટે મારો એક લેખ પસંદ કરવાની અનુમતી ચાહી. આ નીમીતે, એમના દ્વારા ચલાવવામાં આવતી એક ઉમદા સામાજીક પ્રવૃત્તીનો પરીચય થવા પામ્યો. એમને કોમ્પ્યુટર સાથે નીકટની મૈત્રી, ઈન્ટરનેટ કનેકશન પણ ખરું. એમણે વીચાર્યું; 'દેશ–વીદેશમાં રહેતા ગુજરાતીઓને કમ્પ્યુટર પરથી સારું સારું વાચન સાહીત્ય પુરું પાડીએ તો ? દર અઠવાડીયે સુંદર લેખો, નીબંધો, કવીતાઓ પસંદ કરીને ઈ–મેઈલ દ્વારા સૌને મોકલી શકાય.' એમણે પોતાના પ્રોજેક્ટ અંગે લેકસીકોન પ્રણેતા રતીલાલ ચંદરીયા (હાલ લંડન) તથા ગાંધીનગરસ્થીત નીવૃત ઈજનેર બળવંતભાઈ પટેલ સાથે ચર્ચાવીચારણા કરી અને ૨૯ મે ૨૦૦૫થી સન્ડે–ઈ–મેહફીલનો પ્રારંભ કર્યો. પ્રારંભમાં પચાસેક મીત્રોના ઈ–મેઈલ આઈડી મેળવવામાં આવ્યા અને એમને આ ઉપક્રમ પાછળનો હેતુ સમજાવવામાં આવ્યો. સન્ડે–ઈ–મહેફીલમાં રજુ થનારું સાહીત્ય ઉંઝા જોડણી અનુસાર તૈયાર થયું હોવાની પણ એમને જાણ કરવામાં આવી.

ઉત્તમભાઈ ગજજર તથા એમના મીત્ર સામગ્રી ચયનમાં એટલી કાળજી રાખતા કે મહેફીલમાં જોડાનારાઓની સંખ્યા વધતી ગઈ. આજે તેઓ દ્વારા દુનીયામાં ત્રણ હજારથીયે વધુ ગુજરાતીઓ સુધી સન્ડે–ઈ–મહેફીલનો વીસ્તાર થયો છે. આજ સુધીમાં ઈ–મહેફીલના વાચકોએ ગુણવંત શાહ, ભગવતીકુમાર શર્મા,

ચંદ્રકાંત બક્ષી, નીર્મીશ ઠાકર, સ્વામી સચ્ચીદાનંદ, પ્રા. રમણ પાઠક, ડૉ. મહેરવાન ભમગરા, મોહંમદ માંકડ, સુરેશ દલાલ, સુધા મુર્તી, ઉશનસ, વલ્લભભાઈ ઈટાલીયા, મધુકાન્તાબહેન ગજ્જર અને દીનેશ પાંચાલ જેવા સીત્તેરથી વધુ સર્જકો અને સાહીત્યકારોને માણ્યા છે. પ્રત્યેક લેખને અંતે રજુ થતું હરનીશ જાનીનું કાર્ટુન પણ તેઓ માણે છે. સન્ડે-ઈ-મહેફીલના સભ્યો બડી બેસબ્રીથી વીક એન્ડની રાહ જુએ છે, આ વખતે ઉત્તમ ગજ્જર કોને રજુ કરી રહ્યા છે અને શું રજુ કરી રહ્યા છે તે જાણવા-માણવા માટે ! એમણે મને જણાવ્યું; 'મહત્ત્વના બધા જ દેશોમાં આપણી મહેફીલના આશીકો છે. અત્યાર સુધી ચીન અને જાપાન બહાર રહ્યા હતા, હવે ત્યાંથી પણ એકાદ-બે મીત્રો આપણી મહેફીલમાં જોડાયા છે.'

ઉત્તમ ગજ્જર અને એમના મીત્રોએ ચોથી જુન ૨૦૦૬થી 'વીદેશ સર્જનોત્સવ'નો પ્રારંભ કર્યો છે જેમાં વીદેશસ્થીત સાહીત્યકારોના લેખો, કવીતાઓ વગેરે કૃતીઓને સ્થાન અપાય છે. આ રીતે મહેફીલમાં પ્રવેશતા મીત્રો જીવનને પ્રસન્ન રાખે અને જીવનશૈલીને ઉન્નત બનાવે એવા સાહીત્યના સંપર્કમાં આવવા માંડયા તથા એમની વચ્ચે વૈચારીક આદાન-પ્રદાન- આંતરક્રીયાની તકો જન્મી જેને સન્ડે-ઈ-મહેફીલની વીશેશ સીદ્ધી ગણી શકાય.

મહેફીલ યોજવાનો મોટો લાભ એ થયો કે વીશ્વના ત્રણ હજાર ગુજરાતીઓ પરીવાર જીવનને ગુણવત્તા બક્ષે તથા મનને આનંદ આપે, પ્રેરણા આપે, માણસને જીવવાનું બળ આપીને યોગ્ય દીશા દર્શાવે તેવું ઉત્તમ સાહીત્ય વાંચતા થયા. જેમના સુધી એ પહોચ્યું એમણે ઉત્તમ (ગજ્જર) ને વીનંતી પાઠવી કે આવું ઉત્તમ સાહીત્ય અમારા મીત્રો અને સ્વજનોને પણ પહોંચાડો, અમે એમના ઈ-મેઈલ આઈડી મોકલી રહ્યા છીએ ! ધીમે ધીમે મહેફીલના સભ્યોની સંખ્યા વધીને ત્રણ હજાર પર પહોંચી. 'ગુજરાતમીત્ર'ના જાણીતા અને ખુબ વંચાતા કટાર લેખક ભગવતીકુમાર શર્મા, પ્રા. રમણ પાઠક અને દીનેશ પાંચાલને સન્ડે-ઈ-મહેફીલ દ્વારા ઉત્તમભાઈએ દુનીયાના ત્રણ હજાર પરીવારો સુધી પહોંચાડયા.

નવમી ડીસેમ્બરે એમણે આ કોલમમાં પ્રસીધ્ધ થયેલો 'સીત્તેરમાં વર્ષે અદભુત વળાંક' એ શીર્ષક હેઠળનો આનંદશંકર અને આસ્થાના પાત્રો ધરાવતો લેખ મહેફીલમાં રજુ કર્યો. પત્નીના દુઃખદ અવસાન પછી આનંદશંકરને એમની પુત્રવધુ આસ્થા કઈ રીતે સાચવે છે તેની વાતો એમાં રજુ થયેલી છે. સન્ડે-ઈ-મહેફીલ: વર્શ ૨, લેખાંક ૭૯ - એવી નોંધ સાથે એને કમ્પ્યુટર પર રમતો મુકવામાં આવ્યો, તેની સાથે જ કેટલાક વાચકોના



અભીપ્રાયો પણ મળવા માંડયા!

સાયન્સ અને ટેકનોલોજીએ કમ્પ્યુટરની શોધ દ્વારા માનવજાતીની કેટલી મોટી સેવા કરી છે તેનો પ્રત્યક્ષ અનુભવ મને પહેલી વાર થયો. આ બધી કરામતોથી મને પ્રભાવીત થયેલો જોઈને ઉત્તમભાઈએ આગલા તમામ લેખોની ફાઈલ મને મોકલી અને એમનો ફોન આવ્યો; 'તમને ફાઈલ મળી ?' મને કમ્પ્યુટર પર એ બધું સાહીત્ય કઈ રીતે મેળવવું, કઈ રીતે એને 'જમા' લેવું, કંઈ જ આવડતું નહોતું. ફરીથી "દુરસ્થ શીક્ષણ" શરુ થયું. "તમને ફાઈલ એટેચમેન્ટ વંચાય છે ? ત્યાં કલીક કરો, હવે ડોઉનલોડ પર, હવે સેવ પર, હવે ઓપન પર..." ઉત્તમભાઈના આદેશો છુટતા ગયા.... હું કમ્પ્યુટર શીખતો ગયો. એક ઠેકોણે હું ગુંચવાયો તો એમણે સુઝાવ આપ્યો; 'આજુબાજુથી અઢાર-વીસ વર્શના કોઈ જુવાનીયાને બોલાવી લો, તમને આ બધું નથી આવડતું, એને જરૂર આવડતું હશે !' અને બીસીએના પ્રથમ વર્શમાં અભ્યાસ કરતો ઈશાન કેતન શાહ અમારી મદદે આવીને બધું ગોઠવી ગયો. અમારા ગુરુ બનવાની તક મળી એટલે એ ખુશ હતો.

થોડીક ક્ષણોમાં જ જ્ઞાન અને ડહાપણનો ખજાનો અમારા કમ્પ્યુટરમાં ઠલવાઈગયો ! હવે અમે એનો લાભ મેળવીએ છીએ. ઉત્તમભાઈ ગજ્જરે એક તરફ 'ગુજરાતમીત્ર'ને વીશ્વના ત્રણ હજાર નાગરીકો સુધી પહોંચાડયું તો સાથે સાથે ઉંઝા જોડણીની સરળતા પણ સૌને સમજાવી. "તમારી મહેફીલમાં ઉંઝા જોડણીનો ઉપયોગ થાય છે એટલે અમારું સભ્યપદ રદ કરશો, અમને હવે પછી કંઈ મોકલશો નહીં" એવું કહેનારા માત્ર બે જ વાચકો ઉત્તમભાઈને મળ્યા, બાકી સૌએ ઉંઝા-જોડણીનો આનંદ માણ્યો.

ઉત્તમ ગજ્જર સુરતની મદ્રેસા બોઈઝ સ્કુલમાં ગુજરાતીના શીક્ષક, સંતાનો અમેરીકામાં સ્થીર થયાં છે. નીવૃત થયા પછી કોઈક શાળામાં કે સ્વનીર્ભર કોલેજમાં નીયામક-બીયામક બનવાને બદલે એમણે તો એપન યુનીવર્સીટી જ ખોલી નાંખી અને પોતાને એના ચાન્સેલર તરીકે સ્થાપીત કરી દીધા. આજે દુનીયાના ત્રણ હજાર નાગરીકો એમના મીત્રો છે અને શીશ્યો પણ છે. નીવૃત્તી પછી સમયને સર્જનાત્મક માર્ગે પસાર કરવાનો આવો ઉત્તમ માર્ગ પસંદ કરીને એમણે પાતના નામને સાર્થક કરી દેખાડયું તમે એમને અને મધુકાન્તાબહેન ગજ્જરને uttamgajjar@hotmail.com પર મળી શકો છો (ફોન : ૦૨૬૧-૨૫૫૩૫૯૧) [ગુજરાતીમીત્રમાંથી]

વીવેકપંથી પણ

મુદ્રક ધીરેન ગાલા સાથે સંપર્ક સાધીને ઉત્તમભાઈએ તેમની પાસેથી **PDF File** મંગાવી વીવેકપંથીને પણ માગણી મુજબ ઈન્ટરનેટ પર વહેતું કર્યું છે.

ઈચ્છુકો માટે સાથેના લેખના અંતે તેમનો સંપર્ક દર્શાવાયો જ છે. ઈ-મેઈલ કરો અને 'વીવેકપંથી' વાંચો

– તંત્રી

સુરતની સત્યશોધક સભાના રમણભ્રમણ સુવર્ણચંદ્રક અર્પણ સમારંભ નીમીત્તે 'વીવેકપંથી'ના એક વાચક મીત્રે આ લેખ મોકલ્યો છે

એવોર્ડ્ઝ અને સમાજ

– ચંદુલાલ સેલારકા

સાહીત્યકાર, કલાકાર કે સમાજસેવકનું, તેની ઉમરે સન્માન થવું જોઈએ ? આ પ્રશ્ન ઘણીવાર સન્માન કરનાર અને સન્માન સ્વીકારનાર બંને પક્ષે મુંઝવણભર્યો બની રહે છે. કેટલાય કીસ્સાઓમાં તો મરણોત્તર સન્માન, વીશેશપણે સરકારી ખાતાંઓ કે ક્ષેત્રો દ્વારા કરવામાં આવે છે. અથવા તો જેમનું સન્માન કરવામાં આવે છે તે કાં તો મૃત્યુશૈયા પર હોય છે, અથવા તો મળેલ સન્માનનો રાજીપો ભોગવવા ઝાઝું જીવતા નથી.

ફીલ્મક્ષેત્રના સત્યજીત રેને તેમની અંતીમ અવસ્થામાં, તેમની પથારી પાસે જ શ્રેશ્ઠ દીગ્દર્શકનો એવોર્ડ અપાયેલ. રાજકપુરે દાદાસાહેબ ફાળકે એવોર્ડ સ્વીકાર્યો – પ્રમુખશ્રીને હસ્તે અને ઢળી પડયા, કોમામાં ચાલ્યા ગયા. સમાજ સેવક શ્રી કરમશી જેઠાભાઈ સોમૈયાને પણ તેમની અંતીમ પળોમાં – મરણોત્તર જ એવોર્ડ મળ્યો પદ્મભુષણનો. સાહીત્યકાર – વીદ્વાન સ્વ. હીરાબહેન રામનારાયણ પાઠકને સાહીત્ય પરીશદનું કોઈક પારીતોશીક કે ચંદ્રક મુંબઈમાં હરકીશન હોસ્પીટલના બીછાને આપવા અમદાવાદથી સાહીત્યકારો આવેલા. મકરંદભાઈ અમદાવદ ન જઈ શકે તેથી તેમના સન્માન માટે પરીશદના ધુરંધરો નંદીગ્રામ પધારેલા. ગુલાબદાસ બ્રોકરને લગભગ બાણુ – ત્રાણુ વર્શે ગુજરાતી સાહીત્ય પરીશદનો 'સર્વોચ્ચ સાહીત્યકાર'નો એવોર્ડ આપવાનું વીચારાયું ત્યારે મારા મનમાં શંકા હતી, ચીંતા પણ ખરી કે આ ઉંમરે ગુલાબદાસભાઈ અમદાવાદ એવોર્ડ સ્વીકારવા જઈ શકશે ? પરંતુ તેઓ તો 'વટ કે સાથ', પુત્રો સાથે પ્લેનમાં અમદાવાદ જઈ, પ્રેમાભાઈ હોલ (કે અન્ય હોલ)માં જોરદાર પ્રવચન કરી ખુશખુશાલ પાછા આવ્યા હતા, જે જાણીને મને ખુબ આનંદ થયો હતો. કોઈ પત્રકારે પુછયું પણ હતું કે 'આટલો મોડો એવોર્ડ આપને અપાયો તે વીશે શા પ્રત્યાઘાત છે આપના?' ત્યારે તેમણે એવું કહેલું: 'મોડા મોડા પણ આપણને કોઈ યાદ કરે તેનો આનંદ હોય જ.'

ગુલાબદાસભાઈ પ્રસન્નતાના, ખુશી – ખુશાલીના માણસ છે. દરેક વ્યક્તી કે વસ્તુ કે પ્રસંગ તરફ જોવાની તેમની દ્શ્ટી વીધેયાત્મક સકારાત્મક છે. જીવન એમણે એમના નામ પ્રમાણે ગુલાબી અને સુગંધીત રાખ્યું છે. (મોકલનાર વાચકે અહીં ગુલાબ ભેડા સાથે ગુલાબદાસ બ્રોકરની સરખામણી કરી છે, જે અહીં અપ્રસ્તુત ગણી છે)

પરંતુ એવોર્ડ કે ચન્દ્રક આપનાર સંસ્થાએ, તેના સંચાલકો અને કાર્યકરોએ આત્મમંથન કરવું જોઈએ. જે એવોર્ડ વ્યક્તીને દશ-વીશ-પચીશ-વર્શો પહેલાં આપી શકાયો હોત તેને આમ મોડું કરવાની શી જરુર છે ? એ કોઈ એવો ગંભીર નીર્ણય નથી કે તેની વીચારણામાં વર્શો લાગી જાય ! હમણાં ફીલ્મ અભીનેતા, દીગ્દર્શક, નીર્માતા, કરોડો પ્રેક્ષકોના લાડીલા દેવ આનંદને ફાળકે એવોર્ડ આપવાની જાહેરાત થઈ ત્યારે તેમનો પ્રતીભાવ

પણ ગુલાબદાસભાઈની જેમ વીધેયાત્મક – ખુશાલીનો હતો. આ તો તેમની સજ્જનતા, ખાનદાની છે, પણ પ્રજાના પ્રતીનીધીઓ, સંસ્થાના સંચાલકોને આમાંથી કંઈ શીખવાનું નથી ?

આવો એક બીજો પ્રસંગ હમણાં આવ્યો. હીન્દીના સમર્થ લેખીકા મહાશ્વેતા દેવીને તો કેટલાયે એવોર્ડ મળ્યા છે. તેમાં 'ફ્રેન્ચ લીઝીયન દ–ઓનર' આપવાની જાહેરાતના પ્રત્યાઘાત આપતાં તેમણે કહ્યું :

'અઠ્યોતેર વર્ષની ઉમરે તમને કોઈ ખાસ એવોર્ડ મળે કે ન મળે તેથી ઝાઝો ફરક પડતો નથી. પરંતુ સન્માનથી પ્રોત્સાહન મળે છે. આ પહેલાં મને સાહીત્ય અકાદમીનો એવોર્ડ મળ્યો, પછી 'મેગસેસે' એવોર્ડ મળ્યો અને હવે 'ફ્રેન્ચ લીઝીયન દ–ઓનર' એવોર્ડ મળે છે જે સૌથી મોટો છે. પરંતુ આ એવોર્ડથી હું ઉભરાઈ જતી નથી. મારી નવલકથા 'હજાર ચૌરાસી કી મા' ફ્રાન્સમાં 'બેસ્ટ સેલર' થઈ છે અને મારી કેટલીક ટુંકી વાર્તાઓ ફ્રેન્ચમાં અનુવાદીત થઈ રહી છે. જ્યારે ભારતના ફ્રેન્ચ એમ્બેસેડર મને આ એવોર્ડ આપશે ત્યારે તે એક નોંધપાત્ર ઘટના બનશે.'

આમ એક તરફ તેમનું વલણ – 'કંઈ ફરક પડતો નથી'નું છે તો બીજી તરફ 'તેનાથી પ્રોત્સાહન મળે છે અને તે એક નોંધપાત્ર ઘટના બનશે' તેવું ગોરવપ્રેરક પણ છે.

[મુંબઈ સામાચારના તા. ૩–૧–૦૪ના લેખનો સંક્ષેપ]

સાવચેતી અને જવાદારીપુર્વક લગ્નેતર સંબંધમાં પડવામાં વાંધો નથી : ડો. પ્રકાશ કોઠારી

ઈસ્થર પેરેલ ન્યુયોર્કની સેક્સ થેરપીસ્ટ છે.

ઈસ્થર પેરેલે લંડન આવીને કહેલું, બ્રીટનમાં ૫૦ ટકા યુગલો ત્રણ વર્ષના લગ્ન પછી શું કામ છુટાછેડા લે છે ? કારણ કે પછી પ્રેમ સુકાઈ જાય છે. વાસના લીલી રહે છે. એટલે લાંબું લગ્ન ટકાવવા પોતાને જ્યાં ઈન્ટીમસી (ઘનીશ્ટતા) લાગે ત્યાં સંબંધ બાંધીને લગ્ન ટકાવવું જોઈએ.

ડૉ. પ્રકાશ કોઠારીને મે પુછયું, ઈસ્થર પેરેલની વાત બરાબર છે ? શું તેનું આડાસંબંધનું પ્રીસ્ક્રીપ્શન ગુજરાતી સમાજ સ્વીકારશે ?

ડૉ. કોઠારીએ કહ્યું કે, 'વગર પ્રીસ્ક્રીપ્શને આવા સંબંધો ચાલે જ છે, પરંતુ મારી સલાહ છે કે એવા લગ્નેતર સંબંધ માટે મેં વારંવાર કહ્યું છે કે તેમાં પોતાની જવાબદારી, પરસ્પરના હકો અને પરસ્પર પ્રત્યેનું માન જળવાવું જોઈએ. સમાજને આ કેવું લાગશે તેની ફીકર કરવી જોઈએ નહીં. પશ્ચીમના લોકોએ શોધેલા ઉપાય ત્યાંના સમાજ માટે બરાબર હશે. અહીં થોડીક સાવચેતીથી કામ લેવું પડે.'

ડૉ. પ્રકાશ કોઠારીને મેં પુછયું, 'તમે ઉપરના સેક્સોલોજીસ્ટ જેવી સલાહ કોઈને આપી છે ?' તો જવાબમાં કહ્યું, 'હા, સાવચેતી અને જવાબદારી સંભાળીને લગ્નેતર સંબંધમાં પડવામાં વાંધો નથી, તેવી સલાહ આપી છે, કારણ કે સારી સ્ત્રી (પત્ની) ઘણી વખત સારી મીત્ર નથી બની શકતી. તેવી જ રીતે સારી મીત્ર તમારી મીત્ર બની શકે પણ સારી પત્ની બની શકતી નથી.'

આવું જ પુરુશો માટે છે. ઉત્તમ કામ–સંબંધ માટે બંનેએ સારા મીત્ર હોવું જરુરી છે. 'સમભોગ' હોવો જોઈએ. જો પત્ની, સારી મીત્ર પણ, હોય તો તેનાથી રુડું શું ? અને પતી સારો મીત્ર પણ હોય તો તો ગોળ પે ગળ્યું .

– કાન્તી ભટ્ટ

દીવ્ય ભાસ્કર 'આસપાસ' માંથી સાભાર, તા.૧૬–૨–૦૭

તો આટલું કરજો

ઘરની બહાર નીકળતાં પહેલાં
લાઈટ, ગેસ અને નળ બંધ કરજો

લાંબી યાત્રાએ નીકળતાં પહેલાં
પેટ્રોલ, હવા ને બ્રેક તપાસી લેજો

ખરીદીએ નીકળો તે પહેલાં
પાકીટ, પૈસા અને ચાવી સાથે લેજો

તબીયત બગડે ત્યારે જરુરી
દવા, પરેજી અને આરામ

તંદુરસ્ત રહેવા માટે જરુરી
ખોરાક, શ્રમ અને સમયપાલન

દીર્ઘાયુ થવા માટે જરુરી
તાણ અને વ્યસનથી મુક્તી

આનંદભેર જીવવા માટે જરુરી
શીક્ષણ, તાલીમ, રેશનલીઝમ

સાચી કમાણી સાંચવવા જરુરી
ધર્મગુરુ, કર્મકાંડોથી દુર રહેવું

– વીનોદ વામજા

ઘટના જુની પરીમાણ નવું

તા. ૨૮ ફેબ્રુઆરીના સમારંભ બાદની ઔપચારીક મુલાકાતમાં 'સાહીત્ય સંગમ'ના વરીશ્ઠ સંચાલક વડીલ નાનુભાઈ નાયકે 'સંદેશ'માં છપાયેલી ૨૦૦૪ના એક સમાચારની ઝેરોક્ષ આપી, જે વાંચીને વર્શો પહેલાં 'ચીત્રપટ'માં છપાતી નીચેની પંક્તીઓ યાદ આવી.....

ખીંચો ન કમાનોં કો, ન તલવાર નીકાલો,
જબ તોપ મુકાબીલ હૈ તો અખબાર નીકાલો.

લખાયેલા – છપાયેલા શબ્દની તાકાત વર્ણવતા વીર નાનુભાઈ નાયકના ચહેરા પરની એ સમયની ચમક ભુલી ભુલાય તેમ નથી. – તંત્રી

ગુજરાતી લેખકનાં બે પુસ્તકો પ્રધાનોને ઘરભેગા કરી દેશે !

શબ્દની શક્તીનો કોઈ વીકલ્પ નથી તથા શબ્દ તલવારથી પણ વધારે શક્તીશાળી છે એ સર્વવીદીત હકીકત છે. એમાં ય લખાયેલો– છપાયેલો શબ્દ કે પુસ્તક તો ઈલેક્ટ્રોનીક મીડીયા કરતાંય વધારે અસરકાર સાબીત થાય છે, શબ્દની આ શક્તીને આત્મસાત્ કરીને સુરતના લેખક–કવી નાનુભાઈ નાયકે બે પુસેતકો લખ્યાં હતાં, જેનાથી સમગ્ર ભારતના રાજકારણીઓ ધ્રુજી ઉઠયા છે. આ બે પુસ્તકના આધારે પ્રધાનમંડળમાં ફેરફાર થવાનો છે અને તા. ૭મીએ ૨૫૦ જેટલા પ્રધાનોને છુટા કરવામાં આવનાર છે. એટલું જ નહીં, કેટલાક સંસદ સભ્યો પણ આ પુસ્તકોના કારણે ઘેર બેસી જશે. નાનુભાઈ નાયકે ગુજરાતી, હીન્દી, મરાઠી અને અંગ્રેજી ભાશામાં પ્રગટ કરેલા, 'સારી સરકાર કેવી હોય?' તથા 'બંધારણ સમીક્ષા આયોગને બંધારણ સુધારાનાં સુચનો' એમ બે પુસ્તકોનાં સુચનોને બંધારણ સમીક્ષા પંચે સ્વીકાર્યાં હતાં. એનડીએ સરકારે ૪૦૦ પાનાનાં સુચનોમાંથી જે કેટલાંક સુચનો સ્વીકાર્યાં તે તમામ સુચનો આ બે પુસ્કોમાંનાં છે.

લોકશાહી પધ્ધતીની જાળવણી માટેના સીમાચીહ્નરુપ ગણી શકાય એવા 'સારી સરકાર કેવી હોય?' તથા 'બંધારણ સુધારાનાં સુચનો' એમ બે પુસ્તકોએ રાજકારણીઓના પગ તળેથી ધરતી ખસેડી લીધી છે એમ કહી શકાય. બંધારણ સમીક્ષા પંચની રચના પછી 'બંધારણ સમીક્ષા આયોગને બંધારણ સુધારાનાં સુચનો' પુસ્તક લેખકે પ્રગટ કર્યું હતું, જેમાં બંધારણમાં માર્ગદર્શક સુચનો તરીકે ૬૫ સુચનો હતાં. લેખક નાનુભાઈ નાયક તરફથી આ પુસ્તકો લોકસભા – રાજ્યસભાના તમામ સભ્યોને, રાશ્ટ્રપ્રમુખ તથા તમામ રાજ્યપાલોને તથા સુપ્રીમ કોર્ટના તમામ ન્યાયાધીશો વગેરેને મોકલાયા હતા. બંધારણ સમીક્ષા પંચના અધ્યક્ષે એમાંનાં ઘણાં સુચનો પોતાની ભલામણમાં

સુરતના લેખક–કવી નાનુભાઈ નાયકનાં 'સારી સરકાર કેવી હોય?' તથા 'બંધારણ સુધારાનાં સુચનો' એમ બે પુસ્તકોએ રાજકારણીઓના પગ તળેથી ધરતી ખસેડી નાખી

એ પુસ્તકોમાં શું છે ?

'સારી સરકાર કેવી હોય ?' તથા 'બંધારણ સમીક્ષા આયોગને બંધારણ સુધારાના સુચનો' એ બે પુસ્તકોમાં મુખ્યત્વે આટલા મુદ્દાઓ છે :

- આંટીઘુંટીવાળા ક્યા કાયદાઓ શા માટે રદ કરવા જોઈએ.
- સરળ કરવેરા પધ્ધતી શી રીતે અમલમાં મુકી શકાય.
- નીરક્ષરતા નીવારણ.
- બેકારી નીવારણ.
- રાજકારણીઓ–માફીયાઓ માટે ખાસ અદાલતની રચના.
- સી.બી.આઈ. તથા વીજીલન્સ કમીશનરને સરકારની હકુમતમાંથી કાઢીને સુપ્રીમ કોર્ટની હકુમત હેઠળ મુકવાની વાત.
- રસ્તાઓ–રેલ્વેને ફોર ટ્રેક બનાવવાની વાત.
- લશ્કર માટે કોડ ઓફ કોન્ડકટ.
- આતંકવાદને નાથવાના ઉપાયો.
- સમગ્ર સરકારનું માળખું.
- કરનીતી, ઉદ્યોગનીતી, કૃષી ગ્રામનીતી, ન્યાયનીતી, વ્યક્તીગત હક્કો, શીક્ષણનીતી, વીદેશનીતી, અનામત સમસ્યા, ગરીબી નીવારણ, નદી, પર્વત, ભુગર્ભ, જંગલ વગેરે રાજ્યના બદલે કેન્દ્રે રાખવાની વાત.
- ચુંટણીમાં ઉભા રહેનાર દરેક ઉમેદવારે પોતાની સાથે એક રસોડે જમતા સભ્યોની મીલકતોની વીગતો તથા આવકની જાણકારી માટે ઈન્કમ ટેક્ષ રીટર્ન રજુ કરવા જોઈએ તથા પોતાની સામે ચાલતા કેસો વગેરેની એફીડેવીટ રજુ કરવી જોઈએ.

સમાવવા જણાવ્યું હતું અને પોતાના ૪૦૦ પાનાંનાં સુચનોમાં તેનો સમાવેશ કર્યો હતો.

વળી, લેખકે સુચવેલા ૧૦ ટકા પ્રધાનપદનાં સુચનોના એનડીએ સરકારે એમ કહીને ૧૫ ટકા કર્યા હતા કે, ખરેખર તો ૧૦ ટકા જ કરવા છે પણ હાલ થોડા સમય માટે ૧૫ ટકાનું ધોરણ નક્કી કર્યું છે. આથી તા. ૭મી જુલાઈએ ૨૫૦ પ્રધાનોને ઘેર બેસવાનો વખત આવ્યો છે. લેખકનાં આ બે પુસ્તકોમાં મુખ્યત્વે આવાં સુચનો છે:

ચુંટણીમાં ઉભા રહેનારા દરેક ઉમેદવારે પોતાની સાથે એક રસોડે જમતા સભ્યોની મીલકતોની વીગતો તથા આવકની જાણકારી માટે ઈન્કમ ટેક્ષ રીટર્ન રજુ કરવા જોઈએ તથા પોતાની સામે ચાલતા કેસો વગેરેની એફીડેવીટ રજુ કરવી જોઈએ.

આ ઉપરાંત એનડીએ સરકારે નદીઓને નાથવાનાં, પ્રધાનો, સાંસદો, રાજ્યસભાના સભ્યો માટેની આચારસંહીતાનાં, ચુંટણી સુધારાનાં, સરકારી-અર્ધસરકારી નોકરોમાં ૩૦ ટકા કાપ મુકવાનાં, સંસદ સભ્યોની સંખ્યા ઘટાડવાનાં વગેરે સુચનો પણ સ્વીકાર્યાં હતાં. એટલું જ નહીં. લેખકે સર્વોદયવાદ, ગાંધીવાદ, સામ્યવાદ, માઓવાદ વગેરે અનેક પ્રકારની રાજ્ય વ્યવસ્થાની ચર્ચા કરીને લોકશાહીને સર્વોત્તમ ગણાવી છે. આ બે પુસ્તકોના કારણે તા. ૭મી જુલાઈએ ૨૫૦ પ્રધાનો ઘેર બેસી જશે ને કાયમ માટે પ્રધાનોની સંખ્યા ઓછી રહેશે. આ દ્રષ્ટીએ જોતાં ગુજરાતી સાહીત્ય માટે પણ આ એક ગૌરવની બાબત બની રહે છે. આ બે પુસ્તકોમાં લેખકે એવો ભય વ્યક્ત કર્યો છે, કે રાજકારણીઓ ભારતને બીજા ભાગલા તરફ લઈ જઈ રહ્યા છે. ['સંદેશ', તા ૬-૬-૨૦૦૪]

રાજકારણ અને આધ્યાત્મ – ગાંધીની નજરે

- ★ મારા મતે નીતીવીહોણું રાજકારણ એટલે વહેલામાં વહેલી તકે તજી દેવા યોગ્ય ગંદકી.
- ★ રાજકારણનો સંબંધ રાશ્ટ્ર સાથે છે. રાશ્ટ્રનો માનવી સાથે, માનવીનો નૈતીકતા સાથે.
- ★ રાજકારણ પાસે આપણે એવી અપેક્ષા રાખીએ જે રાશ્ટ્રને સ્વર્ગ બનાવી શકે.
- ★ જો હું સમગ્ર માનવજાત માટે કામ કરતો જણાઉ તો જ હું રાશ્ટ્ર માટે કામ કરું છું એમ મને લાગે અને તો જ હું રાજકારણ પસંદ કરું.
- ★ મારી સત્યનીશ્ઠા મને રાજકારણ તરફ દોરી જાય છે.
- ★ રાજકારણને નીતીધર્ણ સાથે લાગે વળગે નથી એમ માને છે તેઓ નથી રાજકારણને સમજ્યા કે નથી સમજ્યા નૈતીકતાને.
- ★ સામાજીક, આર્થીક, રાજકારણી કે નૈતીક કામને તમે જુદા જુદા ખાનાંઓમાં ગોઠવી શકો જ નહી. માનવતાથી જુદો કોઈ ધર્મ મને જણાયો નથી. જેને નૈતીક આધાર ના હોય તેવી કોઈ પણ પ્રવૃત્તી પાયા વીનાની છે.

સં. હર્શા બાડકર

ધુપછાંવ

– દીનેશ પાંચાલ

વનવે ટ્રાફીક

આજ પર્યંત કેટલા ટન લોબાનનો ધુમાડો કર્યો? ગાંસડીઓની ગાંસડી ફુલો ચડાવ્યા. અબજો ટન અબીલ, ગુલાલ, કંકુ વાપર્યું, લાખો કલાક ધર્મગ્રંથો રટ્યા, ઘી તેલના કેટલા કુવા ઠાલવી દીધા! અગરબત્તીની રાખનો ઢગલો કરીએ તો આકાશને આંબી જાય. નાળીયેર ફુટયાં અને માથાંય ફુટયાં....!

ના ફુટયો માત્ર એક ઈશ્વર

૨૧મી સદીનું પ્રભાત આવ્યું અને ગયું. ઈશ્વર સાથેનો આ વનવે ટ્રાફીક ક્યાં સુધી ચાલુ રાખીશું

યાદ રાખો, ના સતયુગ કે ના સંતયુગ માણસનું કલ્યાણ કરે છે. કલ્યાણ કરે છે માત્ર વીજ્ઞાનયુગ જ.

ઈશ્વરનું અસ્તીત્ત્વ શંકાસ્પદ છે, પણ તમે પોતે તો અસ્તીત્ત્વમાં છો જ.

તો અદ્રશ્ય પાછળની દોટ પડતી મુકીને જે દ્રશ્ય છે તેનો જ વીચાર કરીએ. માનવજાતનું સુખ જ વીચારીએ.

તત્ત્વ ચર્ચા

ચુસ્ત રાશ્ટ્રવાદીઓ સત્યને વીકૃત કરે છે
કરસનદાસ ચોવટીયાને ધવલ મહેતાનો જવાબ

વનસ્પતીમાં ચૈતન્ય છે એટલે કે જીવંત પદાર્થ છે તે બાબત તો વૈજ્ઞાનીકો જગદીશચંદ્ર બોઝ (૧૮૫૮–૧૯૩૭)ની પહેલાંથી જાણતા હતા. દરેક જીવંત પદાર્થ જન્મ લે છે, વીકાસ કરે છે, મૃત્યુ પામે છે, ખોરાક લે છે અને વંશવૃધ્ધી કરે છે એ બાબત વનસ્પતીને પણ લાગુ પડે છે તે હકીકત વૈજ્ઞાનીકો માટે નવી ન હતી. અલબત્ત વનસ્પતી સુર્યના કીરણોનું ફોટો સીન્થેસીસ કરીને પોતાનો ખોરાક પેદા કરે છે અને કેટલીક વનસ્પતી જીવડાંનું પણ ભક્ષણ કરે છે.

જગદીશ બોઝને વનસ્પતીમાં જીવ છે તે શોધે નહી, પરંતુ વનસ્પતી સ્પર્શ, અવાજ, પ્રકાશ, વીજળી પ્રવાહ, સંગીત વગેરેનો પ્રતીભાવ આપે છે તે શોધને કારણે પ્રતીશ્ઠા મળી હતી. પોતાની શોધનો પુરાવો આપવા તેમણે ક્રેસ્કોગ્રાફ નામના યંત્રની શોધ કરી હતી, જેને કારણે વનસ્પતીમાં થતા વીકાસના હલનચલનને એક કરોડગણું મોટું કરીને માપી શકાય. આ એક બ્રીલીયન્ટ શોધ હતી. ૧૮૯૯ થી ૧૯૩૩ સુધી તેઓ આ શોધમાં વ્યસ્ત હતા. તે પહેલાં ૧૮૯૪થી ૧૮૯૯ દરમીયાન તેમણે ટુંકામાં ટુકાં ઈલેકટ્રોમેગ્નેટીક મોજાંઓની શોધ કરી હતી, જેને વૈજ્ઞાનીકોએ માન્ય કરી હતી. તેઓ મેધાવી વૈજ્ઞાનીક હતા, તે બાબતમાં કોઈ મતભેદ નથી. તો પછી વૈજ્ઞાનીકોએ તેમની કઈ શોધ માન્ય ના રાખી ?

વીજ્ઞાનીક શોધનું ધાર્મીક પૃથકરણ : જગદીશચંદ્ર બોઝ બ્રહ્મો સમાજી અને વેદાન્તી હતા. તેઓ પોતાના પ્રયોગો દ્વારા પોતાની જીવંત વીશ્વની ધાર્મીક માન્યતા સાબીત કરવા માગતા હતા. આ ધાર્મીક કે આધ્યાત્મીક માન્યતા કઈ હતી ? વનસ્પતીમાં જીવ છે અને તે ખાસ વાતાવરણમાં થતા ફેરફારો સામે જે પ્રતીભાવ આપે છે તેમાં વનસ્પતીની લાગણીઓ રહેલી છે. વનસ્પતીને ભય, તીરસ્કાર, ઈર્શા, લોભ, પ્રેમ જેવી લાગણીઓ હોય છે અને તેઓ તેને વીવીધ પ્રક્રીયાઓ(સંકોચાઈ જવું, આનંદ પામવું, ચીમળાવું, ધ્રુજવું વગેરે) દ્વારા વ્યક્ત કરે છે તેવું જગદીશચંદ્ર બોઝ સાબીત કરવા માગતા હતા, જેનો વૈજ્ઞાનીકોએ ધરાર અસ્વીકાર અને તે પણ તેમનાં જીવતાં જ કર્યો હતો. અલબત્ત તેમની આ પહેલાં માઈક્રોવેવના ક્ષેત્રમાં જે શોધ હતી તેને વૈજ્ઞાનીકોએ માન્ય કરી હતી. આ શોધ બ્રીલીયન્ટ હતી. પરંતુ તે વનસ્પતી શાસ્ત્રને લગતી નહતી.

જગદીશચંદ્ર બોઝ તો એ પણ સાબીત કરવા માગતા હતા કે ધાતુમાં (એટલે સામાન્ય રીતે જડ પદાર્થમાં) પણ પ્રાણ છે. તેમણે ધાતુ (કલાઈ)ના પતરાના પ્રતીભાવો જાણવા તેના પર પણ પ્રયોગો કર્યા હતા. તેમણે તે પ્રયોગો દ્વારા એવું દર્શાવવા પ્રયત્નો કર્યા કે ધાતુમાં જીવ છે. અબક્ત્યો (અવ્યક્ત) નામના ગ્રંથમાં તેઓ લખે છે. “There is no break in the life processes which charecterise both the animate and the inanimate world. It is difficult to draw a line between these two aspects of life.” (અબતક્યો, આચાર્ય જગદીશચંદ્ર બોઝ સેન્ટીનરી સેલીબ્રેશન કમીટી, ૧૯૫૮ પાના નં. ૮૭)

આના દ્વારા તેઓ એમ કહેવા માગે છે કે જીવંત અને અજીવંત પદાર્થો વચ્ચે કોઈ ભંગાણ નથી તેવા મતના તેઓ છે. તેઓ જીવંત અને અજીવંત વચ્ચે સમાનતાઓ ખોળવામાં મશગુલ હતા. ૧૯૦૧માં લંડનના રોયલ ઈન્સ્ટીટયુટમાં તેમણે એક ડેમોન્ટ્રેશન દ્વારા બતાવ્યું કે ટીનના પાતળા પતરાંને ઝેર આપવામાં આવે તો તેને મૃત્યુનાં ડચકાં ખાતાં માપી શકાય છે. વળી એક અન્ય ઝેર આપેલ કલાઈના પતરાને તેમણે ઝેરવીરોધી દવા આપીને બચાવી લીધું છે તેવો દાવો કર્યો હતો. વીજ્ઞાનમાં તેમણે પોતાની હીંદુ–બ્રહ્મોસમાજી માન્યતાને પ્રોજેકટ કરવા પ્રયત્ન કર્યો હતો, જેને પશ્ચીમી જગતે માન્ય કર્યો નહોતો. જગદીશચંદ્રે પોતાના યંત્ર દ્વારા જીવંત અને અજીવંત પદાર્થોના વાતાવરણમાં થતા ફેરફારો (સંગીત, સ્પર્શ, ચોળવું કે દલાણ આવવું વગેરે)ની તે પદાર્થો પર શું અસરો પડે છે તેનો સચોટ ખ્યાલ આપ્યો હતો. તેમની આ અદભુત સીધ્ધી હતી. પરંતુ તેથી એવું સાબીત થતું નથી કે જડ અને વનસ્પતી જેવા પદાર્થમાં માનવીય લાગણીઓ છે. આ અંગે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જેવા છે. રાશ્ટ્રવાદીઓએ રાશ્ટ્રીયતાની લાગણીથી પર થઈને સત્ય શું છે તે સમજવું જોઈએ.

૧. વનસ્પતી કે છોડવા આજુબાજુના વાતાવરણથી કે મનુશ્યના સ્પર્શ, સંગીત, દબાણ વગેરેથી પ્રભાવીત થાય છે. આ સુક્ષ્મ પ્રતીભાવોને માપવા માટે યંત્ર બનાવવા જગદીશચંદ્ર બોઝને ધન્યવાદ આપવા જોઈએ. પરંતુ વનસ્પતીના પ્રતીભાવોમાં દ્વેશ, કરુણા, પ્રેમ જેવી લાગણીઓ હોતી નથી. એમના પ્રતીભાવોને બીનજીવંત

પરીબળો દ્વારા સમજાવી શકાય છે. જગદીશચંદ્ર બોઝની એ માટેની થીયરીમાં જીવંત પ્રાણીના પ્રતીભાવોનું પ્રોજેક્શન હતું, જે વૈજ્ઞાનીકોને માન્ય ન હતું.

૨. પૃથ્વીના જડ પદાર્થો (ધાતુ કે પથ્થર) પણ આજુબાજુના વાતાવરણમાં થતા ફેરફારોને પ્રતીભાવો આપે છે. પરંતુ તે પરથી તેમનામાં જીવ છે તે સાબીત થતું નથી. તેમનામાં તે માટે સેંટ્રલ નર્વસ સ્સ્ટીમ જ નથી. પથ્થરોમાં કે ધાતુઓમાં શ્વાસોશ્વાસની ક્રીયા નથી. તે માટેના અવયવો પણ નથી. પથ્થરો પોતાને રીપ્રોડ્યુસ કરી નવા પથ્થરો બનાવી શકતા નથી. તેઓ કોઈ પદાર્થ ખાતા નથી. તેઓમાં સબએટોમીક પ્રક્રીયાઓ ચાલે છે, પરંતુ આ પ્રક્રીયાઓ જીવવીશયક કે જૈવીક નથી તેથી તેમનામાં પ્રાણ છે એમ કહી શકાય નહી.

રાશ્ટ્રવાદીઓ એવી દલીલ કરે છે કે વનસ્પતીમાં જીવ છે તેવું જગદીશચંદ્ર બોઝે સાબીત કર્યું છે, પણ એ સાચું નથી. એ સાબીત થઈ ચુક્યું હતું તેથી તે સાબીત કરવાનો તેમનો પ્રયત્ન ન હતો. તેમણે તો એ જ પુરવાર કર્યું હતું કે ધાતુમાં કે વનસ્પતીમાં માનવ જેવી જ સંવેદના કે લાગણીઓ છે. આ અંગે લખતાં યાશીન નાદી (ઓલ્ટર્નેટીવ સાયન્સીઝ, એલાઈડ પબ્લીશર્સ, ૧૯૮૦ પાના નં ૪૭) જણાવે છે, "The reaction of western Scientists to such views was varied. Some sound the approch magical and mystical and hence worthless, other found it appealing for that very reason." ટુંકમાં ઘણા વીજ્ઞાનીઓને આ અભીગમ નીરર્થક જણાયો છે.

૩. વીજ્ઞાનના પ્રયોગોના પૃથકરણ માટે જગદીશચંદ્ર બોઝના વેદાન્ત દ્રશ્ટીબીંદુને તે વખતના કે અત્યારના વૈજ્ઞાનીકોએ કદાપી સ્વીકાર્યું નથી. ફરીથી નોંધી લઈએ કે વનસ્પતીમાં પ્રેમ, ધીક્કાર, સ્નેહ, ગુસ્સા જેવી કેઈ લાગણી (જેને જગદીશચંદ્ર બોઝ પુરવાર કરવા માગતા હતા) કે ધાતુમાં પણ કોઈ લાગણી કે માનવીય પ્રતીભાવ વૈજ્ઞાનીકોને જણાયો નથી. વેદાન્તની દ્રશ્ટીએ શ્રધ્ધાળુઓને બોઝનું દ્રશ્ટીબીંદુ સાચું જણાય, પરંતુ વૈજ્ઞાનીકો હીન્દુ વેદાન્તને પુરાવા તરીકે માન્ય કરતા નથી. કદાચ હીંદુ તત્ત્વજ્ઞાન માટે તેમને ખાર હોઈ શકે !!!

આ અંગે લખતાં ડી. એમ. બોઝ જણાવે છે, "But the structure of scientific knowledge could never have that special weakness for Indian metaphysics or for the needs of Indian nationalism." (આશીશ નાદીના અવતરણો, ઓલ્ટરનેટીવ સાયન્સીઝ પાના નં ૪૭). પશ્ચીમી વીજ્ઞાન તે વખતે અને આજે પણ ભારતીય રાશ્ટ્રવાદ અને આધ્યાત્મને પોતાના વૈજ્ઞાનીક માળખામાં સમાવી લેવાની નબળાઈ ધરાવતું નથી. એટલેકે ભારતીય આધ્યાત્મીક પરંપરાઓને સમાવી લેવા તે નવરું નથી. અલબત્ત જગદીશચંદ્ર બોઝ મહાન વૈજ્ઞાનીક હતા તેમાં કોઈ શક નથી, પરંતુ તેમની મહાનતાને ભારતીય આધ્યાત્મ સાથે કોઈ સંબંધ નથી. વીજ્ઞાનીઓ વૈજ્ઞાનીક સાબીતી કે પુરાવા માટે આગ્રહ રાખે છે, આધ્યાત્મ માટે નહી.

મીથ્યા રાશ્ટ્રભીમાન સત્યનું વીરોધી : જુલાઈ ૨૦૦૬ના મારા લેખનો પ્રતીભાવ વીવેકપંથી–૫૬ (નવેમ્બર ૦૬)માં આપતાં કરસનદાસ ચોવટીયા જણાવે છે, "હીંદુ ધર્મનું તત્ત્વદર્શન તો આધુનીક વીજ્ઞાન કરતાં ઘણાં આગળનાં પગથીયાં પર ઉભેલું છે. તેને ખોટું સાબીત કરવાનો ઉપાય જ નથી અને વીજ્ઞાન જો 'સત્યની શોધ' છે તો તેણે પણ છેવટે ત્યાં જવું પડશે અને અત્યારે એ સાફ દેખાય છે કે વીજ્ઞાન એ દીશામાં જઈ રહ્યું છે" વીજ્ઞાન અત્યારે બાયોટેકનોલાજી, નેનો ટેકનોલોજી અને સ્પેસ ટેકનોલોજીમાં મસ્ત છે. તે આધ્યાત્મીકતા તરફ જઈ રહ્યું નથી. ચોવટીયાના આત્યંતીક નીવેદનમાં મને રાશ્ટ્રીય કે ધાર્મીક મીથ્યાભીમાન સીવાય કંઈ જણાતું નથી. 'સારે જહાં સે અચ્છા હીંદુસ્તાં હમારા'ની આ મનોદશા છે.

કરસનદાસ ચોવટીયાએ પથ્થરમાં પણ પ્રાણ છે તે વાત સામ્યવાદી સોવીયેટ રશીયાના મુખપત્રમાં સંશોધન દ્વારા પુરવાર થઈ છે તેવા સમાચાર માટેની વેબસાઈટ આપી છે. આ વેબસાઈટ પુશ્કળ પ્રયત્નો છતાં મને મળી નથી. કોઈ પ્રતીશ્ઠીત વૈજ્ઞાનીકે આવો ઉલ્લેખ પણ કર્યો નથી. સેંટ્રલ નર્વસ સીસ્ટમ કે જીવંત કોશો કે શ્વાસોશ્વાસના કે અન્ય રીતે વીકસેલા અવયવો વીના પથ્થરો શ્વાસ લે છે અને પથ્થરોમાં હૃદયના ધબકારા હોય છે એવી વાતોમાં મને તો કેવળ અંધશ્રધ્ધા જ જણાય છે. આવી અંધશ્રધ્ધાને કારણે કરોડો હીંદુઓ ભગવાનની મુર્તીમાં પ્રાણ જુએ છે.

પથ્થરમાં પ્રાણ છે કે પથ્થર શ્વાસ લે છે તે સાબીત કરવા અસાધારણ પુરાવા જોઈએ જે કોઈની પાસે નથી. અંગ્રેજીમાં જોઈએ તો "Extraordinary claims require Extraordinary Evidence." યાદ રહે કે વીજ્ઞાનની ખીલવણીમાં ભારત સહીત બધા રાશ્ટ્રોનો ફાળો છે. અમારું રાશ્ટ્ર કે અમારો ધર્મ જગતમાં શ્રેશ્ઠ છે તેવી ધાર્મીકતા કે રાશ્ટ્રીયતાથી પીડાતા લોકો શાંતી માટે જોખમી બની શકે છે. ધર્મ આધારીત રાશ્ટ્રીયતામાં સત્યને વીકૃત કરવામાં આવે છે. પશ્ચીમના વૈજ્ઞાનીકો અને લોકોએ અમારા હીંદુ ધર્મને શરણે આવવું પડશે કારણ કે તેમાં જ અંતીમ સત્ય છે અને હીંદુ ધર્મના સ્વયંસ્પશ્ટ

સત્યને શ્રધ્ધાની જરૂર છે, પુરાવાની જરૂર નથી તેવી માન્યતા સ્વકેન્દ્રી છે અને રાષ્ટ્રકેન્દ્રી છે.

મુસ્લીમો મુસ્લીમ ધર્મ માટે આમ જ માને છે અને ખ્રીસ્તીઓ કે યહુદીઓ પણ આમ માને છે. ખરી વાત એ છે કે કોઈ ધર્મ સંપુર્ણ નથી. માનવસમાજના વીકાસમાં જગતના તમામ લોકોએ ફાળો આપ્યો છે. અમારો ધર્મ કે અમારું રાષ્ટ્ર જ જગતમાં શ્રેશ્ઠ છે તેવી માન્યતા હીંસા ફેલાવે છે. – ધવલ મહેતા (અમદાવાદ)

નોંધ: મીત્ર કરસનદાસે પોતાના મંતવ્યમાં વીવેકપંથી પર એવું આરોપણ કર્યું છે કે 'તે હીન્દુત્વ વીરુદ્ધના ગપગોળા પ્રગટાવવા માટે જ જાણે કે અવતર્યું છે'. નમ્રતાપુર્વક ખુલાસો કરવાનો કે 'વીવેકપંથી' રેશનલીસ્ટ સામયીક છે અને રેશનલીઝમ કોમવાદથી પર જ હોય. – તંત્રી

★★★★★

"વેશ્વીક માનવવાદ" કાર્યશીબીર યાજાઈ ગઈ

ચન્દ્રકાન્ત દરુ મેમારીયલ ટ્રસ્ટ તરફથી પ્રકાશીત, બીપીન શ્રોફ કૃત પુસ્તક 'એકવીસમી સદીની વીચારસરણી : વૈશ્વીક માનવવાદ' પર એક કાર્યશીબીર તા. ૨૧ જાન્યુઆરી ૨૦૦૭ના રોજ અમદાવાદ ખાતે યોજાઈ હતી. આ શીબીરમાં જાણીતા વીચારક ધવલ મહેતાએ પુસ્તકનું મુલ્યાંકન કરતાં તેના આગવા લક્ષણો, માનવવાદ અને માનવતાવાદ વચ્ચેનો તફાવત, ભૌતીકવાદ, ગાંધીવાદી ક્રાંતી, સામ્યવાદી ક્રાંતી તેમ જ માનવવાદી ક્રાંતી અને માનવવાદના મુલ્યો, રેશનલીઝમ, ધર્મનીરપેક્ષતા અને સ્વાતંત્ર્ય વગેરે 'સુપર્બ' રીતે પ્રગટ થયેલ હોવાનું જણાવેલ. જાણીતા સમીક્ષક દીનેશભાઈ શુકલે વર્તમાન સમયમાં માનવવાદ વીકલ્પ તરીકે સફળ થશે કે કેમ તેની ચર્ચા કરી હતી. આ ચર્ચામાં પ્રો. યોગેન્દ્ર માંકડ, પ્રી. અશ્વીન કારીઆ, ભીખાભાઈ અમીન અને કરીણ નાણાવટી વગેરેએ ભાગ લીધો હતો.

કાર્યશીબીરની દ્વીતીય બેઠકમાં 'ગુજરાતમાં અંધશ્રધ્ધા નીવારણ કાયદો કેમ નહીં' વીશે ગુજરાત–મુંબઈ રેશનલીસ્ટ એસોસીએશનના પ્રમુખ અશ્વીન કારીઆએ રાજકીય રીતે, બંધારણીય અને કાનુની રીતે તેમજ વૈચારીક સજ્જતાની દ્રશ્ટીએ પણ આ કાયદો પ્રજાની સુખાકારી માટે જરુરી હોવા પર ભાર મુક્યો હતો.

મહારાશ્ટ્ર રાજ્યમાં પસાર થયેલ કાયદાને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં પણ આવો કાયદો પસાર થવા બાબતની માગણી ઉઠાવી. એની ચર્ચા દરમીયાન ધવલ મહેતા, દીનેશ શુકલ, મુકુંદ સીંધવ, જગદીશ સુથાર, દમયંતીબેન પારેખ વગેરેએ સુચનો કર્યાં હતાં. આ ખરડો ઘડવાની જવાબદારી અશ્વીન કારીઆને સભાની સર્વસંમતીથી સોંપવામાં આવી હતી. આ ઝુંબેશને વેગીલી બનાવવા સર્વાનુમતે નીર્ણય કરાયો હતો.

('નયામાર્ગ'માંથી)

મહારાશ્ટ્રની છેલ્લામાં છેલ્લી પરીસ્થીતી માટે જુઓ પાનું ૨૩

ગુજરાતમાં સંસદીય લોકશાહીની ચર્ચા

નાગરીક સ્વાતંત્ર્ય સંગઠન (પીયુસીએલ), નીશાન–એ–સંવીધાન, પુનરુત્થાન, ઈન્સાફ અને જાગૃત નાગરીક સંગઠન જેવી સ્વૈચ્છીક સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે ગુજરાતમાં સંસદીય લોકશાહી વીશે એક ચર્ચાસભા ૧૨મી માર્ચના રોજ(દાંડી માર્ચને) દીવસે અમદાવાદમાં યોજીઈ. સ્વૈચ્છીક સંસ્થાઓના અગ્રણી ડૉ. મુકુલ સીંન્હા (એડવોકેટ), ગગન શેઠી, પ્રા. દીનેશ શુક્લ, કૃશણકાન્ત વખારીયા (એડવોકેટ), ડૉ. કરસનદાસ સોનેરી, રતીભાઈ દવે વગેરેએ તેમાં ભાગ લીધો હતો.

ગુજરાતમાં સંસદીય લોકશાહીને ગળે ટુંકો દેવાનો જે પ્રયાસ થાય છે, તેની સામે લાકમત જાગૃત કરવા પર વક્તાઓએ ખાસ ભાર મુકયો હોવાનું ગૌતમ ઠાકર જણાવે છે.

કૃપલાણી સ્મૃતીવંદના

ગુજરાત વીદ્યાપીઠ–અમદાવાદના શીક્ષણ મહાવીદ્યાલય ઉપાસના ખંડમાં તા. ૧૯મી માર્ચે "આચાર્ય કૃપલાણીનાં જીવનકાર્ય" એ વીશય પર "નીરીક્ષક"ના તંત્રી પ્રકાશ ના શાહે સંબોધન કર્યું હતું. અધ્યક્ષપદે પુર્વ સાંસદ મનુભાઈ પટેલ હતો. ગુજરાત વીદ્યાપીઠના પુર્વ આચાર્ય અને સ્વાતંત્ર્યસેનાની આચાર્ય કૃપાલાણીની વીદાયને પચ્ચીસ વર્શ પુરાં થયાં તે નીમીત્તેનું આ આયોજન હતું.

જાથા ની પ્રવૃત્તીઓ અને જયંત પંડયાનું ખગોળીય પ્રવચન સ્થળસંકોચના કારણે આ અંકમાં સમાવી શકાયાં નથી તે આવતા અંકે

તંત્રીની કલમે

આવતો દીવસ તો આપણો જ

રવજીભાઈ સાવલીયા સાથે મુંબઈના વીવેકપંથીઓએ તા. ૧૫મી માર્ચે સારો વાર્તાલાપ કર્યો (જુઓ પાનું ૨૦)

એમણે કહ્યું,"આપણે રેશનલીસ્ટો વેરવીખેર છીએ. એક થવાની તાતી જરુર છે." આમ છતાં રવજીભાઈની રુખ એવી છે કે આવતો દીવસ તો આપણો જ – રેશનલીસ્ટોનો જ છે.

તો ચાલો, વેરવીખેર કઈ રીતે છીએ તે સમજવાનો પ્રયત્ન પ્રથમ કરીએ.

મુખ્યત્વે રેશનલીઝમની વ્યવહારુતા વીશે આપણી વચ્ચે ભીન્નતા પ્રવર્તે છે એ જ રીતે વૈચારીક ક્ષેત્રે પણ ભીન્નતા જણાઈ આવે છે. વ્યક્તી વ્યક્તી વચ્ચેનાં વીચારોમાં જોઈએ તેવું સામ્ય વર્તાતું નથી. ક્યાંક વાત વૈચારીક પરીવર્તનની છે તો ક્યાંક ઉગ્ર ચળવળની. અંધશ્રધ્ધાનીર્મુલન, પર્દાફાસ, પોલખોલ, ભાંડા ફોડ જેવી ચળવળો અને ચમત્કાર ચકાસણીના પ્રયોગો રેશનલીઝમનો ભાગ ખરો, પણ એમાં જ ક્યાંક ક્યાંક રેશનલીઝમની પર્યાપ્તતા જોવાઈ રહી છે. કેટલાક રેશનલીસ્ટો ધરતીને ધર્મ અને ઈશ્વર વહોણી કરી દેવા ઝંખે છે. એમના મતે 'ના ધર્મ, ના ઈશ્વર' એ જ ખરું રેશનલીઝમ છે. આપણી રજુઆતો સૌમ્ય હોવી જોઈએ કે ઉગ્ર એ વીશે પણ મતૈક્ય નથી. તો વીવેકબુધ્ધી, બુધ્ધીપ્રામાણ્ય, વૈજ્ઞાનીક અભીગમ વીશે પણ જુદા જુદા મત પ્રવર્તે છે. રેશનલીસ્ટ નાસ્તીક હોય જ કે ના પણ હોય? નાસ્તીક તો રેશનલીસ્ટ જ હોય ? આ અને આવું ઘણું બધું આટ–આટલાં વર્શોની જહેમત પછી પણ પ્રશ્નાર્થ બનીને જ આપણી સામે ઉભું છે.

અર્થાત્ વર્શોના અવીરત પ્રયત્નો છતાં આપણે આપણી દશા અને દીશા નીશ્ચીત કરવામાં ધારી સફળતા મેળવી શક્યા નથી એવો મત માત્ર રવજી સાવલીયાનો જ નહી, પણ ઘણાનો છે. આમ છતાં આવતો દીવસ આપણો જ છે એ નક્કી.

અહીં ઈન્દુકુમાર જાનીના શબ્દો સંભારવા પડે, " રેશનલીઝમને વ્યાખ્યાતીત કરવાની જરુર છે." રમણ પાઠક જેવા પુખ્તો કહે છે રેશનલીઝમ તો જીવનશૈલી છે, જીવન જીવવાની પધ્ધતી છે. આ શૈલી – આ પધ્ધતી ચોક્કસપણે કેવી હોવી જોઈએ ? રેશનલીસ્ટનાં ગુણધર્મ શાં ? લક્ષણ શાં ? આપોઆપ ઓળખાઈ આવે તેવા રેશનલીસ્ટનું સ્વરુપ કેવું હોય એ પણ આપણે વીચારવાનું છે.

સાથે સાથે જ વધુ લોકો સુધી રેશનલીઝમ પહોંચાડવા – વધુમાં વધુ રેશનલીસ્ટો નીપજાવવા માટે ક્યા અને કેવા માર્ગો યોજવા જોઈએ તેની ચોક્કસ રુપરેખા પણ તૈયાર કરવાની છે.

ગુજરાત–મુંબઈ રેશનલીસ્ટ એસોસીએશનની તા. ૨૪ ફેબ્રુઆરીની બેઠકમાં વીચારવામાં આવ્યું છે કે આગામી ઓકટોબર–નવેમ્બરની અનુકુળ તારીખોએ રાશ્ટ્રીય કક્ષાએ રેશનલીસ્ટ અધીવેશન યોજવું. (જુઓ પાનું ૨૨)

આ સુચીત અધીવેશન પુર્વે રેશનલીઝમની દશા અને દીશા નીશ્ચીત કરવા બાબત તા. ૨૫–૨૮ ફેબ્રુઆરી દરમીયાન વરીશ્ઠ રેશનલીસ્ટો વચ્ચે વીચાર–વીમર્શ થયો છે અને ચોક્કસ ધ્યેયે પહોંચવાના ઉદ્દેશથી એક સમીતીગઠીત કરવામાં આવી છે. આ સમીતી પત્રવ્યવહાર અને ટેલીફોન સંપર્કથી પારસ્પરીક સંવાદ કરશે અને જરુરત અનુસાર વચગાળાના સમયમાં બે–ત્રણ બેઠકો પણ યોજશે. (નીયુક્ત સભ્યોનાં નામ આવતા અંકે)

આશા જરુર એવી રાખી શકાય કે આગામી અધીવેશન પહેલાં નીયુક્ત સમીતી ચોક્કસ નકશો તૈયાર કરી આપશે; એવો નકશો; જેમાં મુકામો અને માર્ગો સ્પશ્ટ જોઈ શકાશે:

જો આ થઈ શકશે અને ખાતરી રાખીયે કે થશે જ, તો આવતો દીવસ આપણો– રેશનલીસ્ટોનો જ છે. એ નક્કી.

આંસુભીનાં રે રમણનાં લોચનીયાં મેં દીઠાં

રેશનલીઝમના મારા કીશોરકાળે સમકાલીનમાં 'સંશયની સાધના'માં મેં આ વાત વાંચી હતી.....

'હમણાં કાળઝાળ ગરમીમાં, ઉપલેટાની એક બેઢંગ હોટલમાં, આપણી બેઢંગ જીંદગીના દુઃખદ પ્રતીક સમા અણગમાપ્રેરક પરીવેશમાં, મીત્ર ઈંદુકુમારે ચા મંગાવી; છોકરો ચા લઈને આવ્યો ને એ કડક-મીઠી સ્પેશ્યલ કડવી ઝેર બની ગઈ :

શ્યામવર્ણો, મેલોઘેલો એ બીસ્માર બાળક; જેના મુખ ઉપર કોઈ માનવીય નુરની તો આશા જ શી ? પરંતુ આઠ-દસ વરસના એ મજબુર ચહેરા ઉપરનો ત્રસ્તતા તથા શુન્યતાનો ભાવ ખરેખર જીરવવો દુશ્કર હતો; જાણે અમને પુછતો હતો કે જીંદગી આવી કેમ ? સવારથી સાંજ સુધી, બાર-ચૌદ કલાક આ ગુલામ બાળક રેંકડી પરથી આમ ચાની કીટલીની લાવ-જાવ કર્યા કરતો હશે. એના ચીત્તમાં જરુર પ્રશ્ન ઉઠતો હશે જ કે, 'આ બધું શું અને શા માટે?'

પરંતુ બાળક પાસે શબ્દો નથી હોતા. અને તેથી જ કદાચ દુઃખીમાં દુઃખી બાળકે ય કદી આત્મહત્યા નથી વીચારી શકતું. આ બાળક એવો દુબળો પાતળો કે જોતાં જ સમજાઈ જાય કે તે પોશક ખોરાકના જીવલેણ અભાવથી પીડાય છે; પ્રેમના સ્નેહવાત્સલ્યના અભાવની તો અહીં વાત જ શી કરવી જ્યાં પ્રેમસ્ત્રોત એવા ખુદ માતાપીતાએ જ એને કેવળ આમદાનીનું સાધન ગણી, કાળી મજુરીએ જોતરી દીધો હોય ત્યાં !

દુબળા હાથે ચાના ભંગાર ખ્યાલા ભરતાં ભરતાં એ યંત્ર બાળક બીજા હાથે જોરજોરથી એનું માથું ખણતો હતો; જે બાપડું કદાચ જુથી ખદબદતું હશે. એક માસુમ નીર્દોશ નીરાધાર બાળક-ત્રણત્રણ લોહીતરસ્યાં પ્રાણીઓ એને ચુસી રહ્યાં હતાંઃ માતાપીતા, રેંકડીવાળો શેઠ અને જુ !

એને માથે હાથ ફેરવી ગોદમાં લઈ પુછવાનું મન થયું કે 'બેટા ક્યારેય તું નાહ્યો છે ખરો ? આવ તને આંસુથી નવરાવું!'

આટલું વાંચીને ત્યારે હું હીબકે ચડી ગયો હતો. રેશનલીસ્ટ રમણ પાઠકના કુમળા હૈયાનો એ પ્રથમ પરીચય મારા જેવા અનેક વાચકોને રડાવી ગયો હશે.

એ જ કુમળા હૈયાની આંખો વાટે સરી પડેલાં આંસુનાં બે ટીપાં ફરી પાછાં તા. ૨૮ ફેબ્રુઆરીની બપોરે પ્રત્યક્ષ જોવા મળ્યાં.

સુરત અને મુંબઈના આશરે ૪૦ રેશનલીસ્ટોની હાજરીવાળી પરીચય બેઠકમાં મેં એમને સંબોધીને કહ્યું, "રમણભાઈ, તમે માત્ર એકનીએક પુત્રી શર્વરીના જ પીતા નથી. સમકાલીન સાથેનાં 'સંશયની સાધના' રુપી તમારા સમાગમે મારા જેવા અસંખ્ય રેશનલીસ્ટ સંતાનો નીપજાવ્યાં છે. તમારા જેવા પ્રેમાળ પીતાની પ્રેરણાથી અમે પાંગર્યા છીએ."

અને 'તે દીન આંસુભીનાં રે રમણનાં લોચનીયાં મેં દીઠાં.....' માત્ર મેં જ નહી, એ ઔપચારીક બેઠકના તમામ ભાવવીભોર મીત્રોએ પણ ! રમણભાઈની એ છલકી પડેલી આંખો ભુલી ભુલાય તેમ નથી. રેશનલીસ્ટ હૈયું કેવું હોય? તો રમણ પાઠક જેવું, જે પરપીડા જોઈને પીગળી જાય.

રજનીની 'તર્જની' પણ

રમણ પાઠકની શર્વરીને યાદ કરતી વખતે મને રજનીકુમાર પંડયાની તર્જની પણ યાદ આવી જ જાય. અમારા ત્રણ વચ્ચે એક સામ્ય એ છે કે અમે માત્ર એક એક વહાલસોયી પુત્રીના જ પીતા છીએ; રમણભાઈની શર્વરી, રજનીભાઈની તર્જની અને મારી હર્શા.

૨૯મીએ ઘેર પહોંચીને મેં સાતેક વર્શ પર જમનાદાસ કોટેચાએ પ્રકાશીત કરેલ પુસ્તક 'રજનીકુમાર આપણા સૌના' (સંપાદકોઃ ઉર્વીશ કોઠારી અને બીરેન કોઠારી)ના આ બે ફકરા વાગોળ્યા અને પાછું હૈયું ભીંજાયું.

"પીતા-પુત્રી વચ્ચે ત્યારે અબોલા ચાલતા હતા. તર્જની ટી.વી સામે બેઠી હતી અને રજનીકુમાર મુલાકાતી સાથે અંદરની 'ઓફીસ'માં વાત કરતા હતા. એવામાં ટી.વી. પર કન્યા વીદાયનું ગીત આવ્યું એટલે રજનીકુમાર 'બે મીનીટમાં આવ્યો' કહીને બહાર નીકળ્યા, તર્જની સામે ઉભા રહી ગયા. તર્જનીએ એમની છાતીમાં માથું ઢાળી દીધું. એક પણ શબ્દની આપ-લે નહીં. બે મીનીટ સુધી આ ચાલ્યું અને રજનીકુમાર પાછા ઓફીસમાં ચાલ્યા ગયા. અબોલા યથાવત."

"દીકરી વહાલનો દરીયો" પુસ્તક માટેના લેખમાં રજનીકુમારે લખ્યું છે, એક વાર બપોરની નીદ્રામાં હું હતો. અચાનક ઉંઘ ઉડી ગઈ. ગળે ઉનાળાની કાળી બપોરનો માર્યો શોશ પડયો હતો. પ્રગાઢ ઉંઘમાંથી જાગીને હજુ તો હું પથારીમાંથી બેઠો થવા જાઉં ત્યાં તો દીકરી તર્જનીએ મારી ગરદને એના કોમળ કાંડા વડે ટેકો કર્યો અને મને હોઠે ઠંડા પાણીનો પ્યાલો ધર્યો. એ વખતે મને અપાર, અમાપ સુખની લાગણી થઈ હતી તેની આગળ જગતના કોઈપણ ઐશ્વર્ય તુચ્છ છે."

એક યોગાયોગ આ પણ જુઓ. જે 'સંશયની સાધના'એ મને ધર્માંધમાંથી રેશનલીસ્ટ બનાવ્યો છે તે કલમ 'સમકાલીન'માં ચાલુ કરવાની તત્કાલીન તંત્રી હરી દેસાઈને ભલામણ કરનાર પણ રજનીકુમાર પંડયા જ હતા.

– ગુલાબ

વાતો અજબગજબની – જયદેવ ત્રીવેદી
એડવોકેટ

ન્યાયક્ષેત્રે પણ અંધશ્રધ્ધા !

૧૩ નંબરનો આંકડો અપશુકનીયાળ માનીને કેરાલા હાઈકોર્ટે નં ૧૩ નહી રાખવાનો નીર્ણય કર્યો હતો. તેની સામે એક અરજદારે સુપ્રીમ કોર્ટમાં યાચીકા દાખલ કરતાં ચીફ જસ્ટીસ વાય.કે. સબ્બરવાલ, જસ્ટીસ સી. કે. ઠક્કર અને જસ્ટીસ આર. વી. રવીન્દ્રએ કેરાલા હાઈકોર્ટના સીનીયર કાઉન્સેલ ટી.બી. વીશ્વનાથ આયરને જણાવ્યું હતું કે અપશુકનીયાળ નંબરની અંધશ્રધ્ધા હેઠળ ૧૩ના આંકડાને આઘો રાખવાનો નીર્ણય અયોગ્ય છે. હાઈકોર્ટ આ પ્રકારની અંધશ્રધ્ધાને ઉત્તેજન આપી ના શકે.

આની પહેલાં આ અરજદારે મુળ યાચીકા કેરાલા હાઈકોર્ટમાં રજુ કરી હતી, પણ હાઈકોર્ટે તે યાચીકા રદ્દ કરી અરજદારને ઉલ્ટો રુ. ૧૦,૦૦૦નો દંડ ફટકાર્યો હતો. હીમત હાર્યા વીના અરજદાર સુપ્રીમ કોર્ટમાં ગયો હતો અને પરીમામ ઉપર મુજબ આવ્યું હતું.

સાર એ જ કે અંધશ્રધ્ધાનો ભોગ તો આપણા ન્યાયલયો પણ બની શકે છે. પણ જો તેનો વીરોધ કરનાર પુરી નીશ્ઠાથી સામનો કરે તો અશક્ય કંઈ જ નથી.

૧૩નો આંકડો અપશુકનીયાળ ગણવાનો વીચાર મુળ ખ્રીસ્તી છે. પણ તેને કોઈ થીયોલોજીકલ કે ફીલોસોફીકલ સપોર્ટ નથી. ન્યાય મંદીરમાં એવી અંધશ્રધ્ધા પાળવી એ હાઈકોર્ટના નામ પર બટ્ટો છે, કલંક છે.

આવા બૌધીક ભયમાંથી ઉદભવેલી અંધશ્રધ્ધાને ઉત્તેજન આપી ના શકાય. ગુલાબ ભેડાના વીવેકપંથીનો પંથ કેટલો લાંબો અને વીકટ છે તેનો ખ્યાલ આના પરથી આવી શકે.

એકાઉન્ટર એ એક જ ઉપાય

ગુજરાત, આસામ, રાજસ્થાન, બંગાળ, ઝારખંડ અને આસામમાં 'જાંઘરું' 'ઓઝા' અને 'ભુવા' જેવા મેલી વીદ્યાના આરાધકો અને તાંત્રીકોના વર્ચસ્વ હેઠળના આદીવાસી વીસ્તારોમાં દર વર્શે ૨૦૦–૩૦૦ સ્ત્રીઓને 'ડાકણ', 'ચુડેલ' જાહેર કરીને જીવતી સળગાવી દેવામાં આવે છે. એમના હાથ–પગ અને સ્તન સુધ્ધાં કાપી લેવામાં આવે છે અને દાંત પણ પાડી નાખવામાં આવે છે. એમની જમીનો પડાવી લેવામાં આવે છે.

વ્યભીચાર કે આડા સંબંધ માટે તૈયાર ના થાય તેવી સ્ત્રીને ડાકણ ઠરાવી દેવામાં આવે છે. ચાહના બગીચાઓમાં દર વર્શે એવી ૮–૧૦ સ્ત્રીઓને 'ડાકણ' ઠરાવીને પીડવામાં આવે છે.

આવા પ્રકારો અટકાવવા માટે 'વીંચ પ્રેકટીસીઝ પ્રોહીબીશન એકટ' ભારત સરકારે ઘડયો છે, પણ હજી સુધી એક પણ ભુવા, જાંઘરું કે ઓઝા પર કેસ થયો નથી. ફરીયાદ કે સાક્ષી વીના કેસ થઈ શકતો નથી.

જાંઘરું, ભુવા કે ઓઝાઓની આ જમાતને ગેંગસ્ટર જેટલા જ જોખમી સમજીને એકાઉન્ટરમાં ઉડાવી દેવામાં આવે તો જ કંઈકેય ધાક બેસે. શાહપુરમાં વીદ્યા ભોઈર નામની મહીલા તાંત્રીકે સુમન નામની નીસંતાન સ્ત્રીને તેની ૧૬ વર્શની ભત્રીજી નલીનીનો ભોગ ચડાવવા પ્રેરી હતી. નલીનીનો ભોગ ચડાવાયો પણ ખરો, પણ તાંત્રીક મહીલા વીરુધ્ધ કોઈ પુરાવો ના મળ્યો તેથી તેની ધરપકડ થઈ શકી નહી અને તે બીનધાસ્ત છુટ્ટી ફરે છે. (જો જાદુટોણા વીરોધી કાયદો અમલમાં હોય તો આમ બની શકે નહી.)

વહેમનું દુશ્પરીણામ

પાલઘરના નેહી ગામે સંતોશ ગાવરી નામના એક યુવકે પોતાની માતાની હત્યા કરી નાખી. એને વહેમ પડયો હતો કે તેની માતા કાળો જાદુ કરીને તેના પરીવારને હેરાન કરે છે.

તેને આજીવન કેદની સજા થઈ. સજા દરમીયાન અન્ય કેદીઓની માતાઓ તેમને મળવા આવતી જોઈને સંતોશને પસ્તાવો થયો અને પ્રાયશ્ચીત રુપે એણે જેલમાં જ આત્મહત્યા કરી નાખી.

ભત્રીજીનો ભોગ

એ જ ક્ષેત્રમાં એક આદીવાસી મહીલાએ પોતાને સંતતી ના થતી હોવાથી ભુવાની સલાહ અનુસાર પોતાના સગા ભાઈની ૧૫ વર્શની પુત્રીનો બલી ચડાવી દીધો હતો.

એક તરફ અંધશ્રધ્ધાનીર્મુલનનો કાયદો ચર્ચાની એરણ ઉપર છે ત્યારે સામી બાજુ ભુવા તાંત્રીકોની અખબારી જાહેર ખબરો પાનાં ભરાઈને આવે છે અને દુરદર્શન પણ અંધશ્રધ્ધાને પ્રોત્સાહન આપવામાં પાછળ નથી. ઈન્ડીયા ટીવી આમાં મોખરે ગણાય.

પ્રેમી પાછો તો ના તાંત્રીક અપાવે, ના કોર્ટ

અંધશ્રધ્ધાનો ઈજારો માત્ર ભારતનો જ નથી. એક રશીયન યુવતીએ પ્રેમમાં નીશ્ફળતા મળતાં પોતાના પ્રેમીને પાછો મેળવવા માટે એક તાંત્રીકની મદદ માટે

તેને ૧૦૦૦ યુરો ચુકવ્યા. તાંત્રીકને સફળતા ના મળતાં યુવતીએ તેના પર કેસ માંડયો અને કેસ જીતી ગઈ. કોર્ટે વળતરનો ઓર્ડર આપ્યો, પણ યુવતીને તો તેનો પ્રેમી પાછો મેળવવો હતો. આથી તેણે ઉપલી કોર્ટમાં અપીલ કરી, પણ તેમાંય હારી ગઈ. કોર્ટે હુકમ આપ્યો કે આવી અશક્ય વાત શક્ય બની જ શકે નહી.

વેશપલ્ટો ભારે પડયો

દક્ષીણ આફ્રીકાના ઘાનાના એક દંપતીની આ વીચીત્ર વાત છે. પતી–પત્ની બંને સાયન્સની પરીક્ષા આપવા જવાના હતા, પણ પત્નીને દરમીયાન સારી નોકરી મળી જતાં પરીક્ષા આપવા જાતે ના જતાં પોતાના પતીને સ્ત્રીવેશે સજાવીને પરીક્ષા આપવા મોકલી આપ્યો. પરીક્ષા દરમીયાન છાતીની સજાવટે દગો દીધો અને પત્ની વેશધારી પતી પકડાઈ ગયો – પોલીસને સોંપાયો, પણ બહાર જીન્સ અને પેન્ટમાં સજ્જ ઉસ્તાદ પત્ની પોલીસની પકડમાંથી એને છોડાવી ગઈ.

પણ પોલીસ વળી ઉસ્તાદનો ઉસ્તાદ નીકળ્યો. એણે પતીને છોડયો આવી શરતે. “એણે આજથી બરાબર એક મહીના સુધી ઘરમાં સ્ત્રીવેશે રહેવું પડશે. હું રોજ ગમે ત્યારે જોવા માટે આવીશ. ખબરદાર !”

આ આપણા વરીશ્ઠો !

ડૉ. અબ્દુલ કલામ મુસ્લીમ હોવા છતાં માંસ ખાતા નથી, ચૈનઈમાં એમના મીત્રો એમને “ઐયર” (બ્રાહ્મણ) કહી બોલાવતા હતા.

એમણે રાશ્ટ્રપતીપદના શપથ લેવાના હતા ત્યારે પ્રમોદ મહાજને મોટા પંડીતોને બોલાવી રાખ્યા હતા, શુભમહુર્ત માટે, પણ કલામે કહ્યું, “મારા માટે સમયની દરેક ક્ષણ સરખી છે. બધો જ સમય શુભ છે. ચોઘડીયું જોયા વીના જ એમણે રાશ્ટ્રપતી ભવનમાં પ્રવેશ કર્યો હતો.

આની સામે આપણા ઉપરાશ્ટ્રપતી ભૈરોસીંહ શેખાવતને પણ ચાલો, ઓળખી જ લઈએ. એમને જ્યોતીશીઓએ ‘સર્વોચ્ચ રાજયોગ’ આવી રહ્યાનું જણાવ્યું છે. આથી રાશ્ટ્રપતીપદ મેળવવા માટે તેમણે વહેલી સવારે ભસમ આરતીમાં સ્મશાનમાંથી તાજા શબની રાખ દ્વારા મહાકાલેશ્વરની પુજા કરી હતી. ઉપરાંત તેઓ હરસીધ્ધી માતાના મંદીરમાં તાંત્રીક શક્તીપીઠમાં પુજા કરવા ગયા હતા એટલું જ નહી, પણ બાજુમાં જ આવેલા મનોકામનાસીધ્ધ હનુમાન રામ ઝરોખામાં પણ પુજા અર્ચના કરવા ગયા હતા.

ઉમા ભારતી પણ આ મંદીરમાં કેટલીકવાર તાંત્રીક પુજાવીધી કરાવી ચુક્યાં છે.

ઉજૈનમાં મંગલ ગ્રહની ઉત્પતી થઈ હતી એમ મનાય છે તેથી એ મંગલગ્રહના મંદીરમાં અભીશેક અને ઐશ્વર્યા પુજનવીધી કરી ચુકયા છે. અહીં પુજા કર્યા બાદ મંગળની અસર રહેવા પામતી નથી તેવી વાયકા છે.

અગાઉના નેપાલનરેશે આસામના કામખ્યા મંદીરમાં પાડો વધેરીને તાંત્રીક વીધી કરી હતી છતાં એ ગાદી પરથી તો ઉથલી જ પડયા.

એમનું તો એન્કાઉન્ટર જ થવું ઘટે

વર્શો પહેલાં પથ્થરથી ૮૦ જેટલી વ્યકતીઓનાં માથાં છુંદી નાખીને મોતને ઘાટ ઉતારનાર રામન રાઘવન ગાંડો ઠરીને ફાંસીની સજામાંથી બચી ગયો હતો, જે આજે નાશીકના પાગલખાનામાં સારવાર લઈ રહ્યો છે. એનો ખર્ચ સરકાર વેંઢારે છે.

બીયર અને બીયર બોટલોથી હત્યાઓ કરનાર રવીન્દ્ર કંટ્રોલે કહ્યું કે તે હત્યા કર્યા બાદ મરનારનું લોહી તાંત્રીકોને પીવડાવતો હતો. તેવા તાંત્રીકોને પોલીસે પકડયા તો ખરા, પણ જુબાની કોણ આપે ?

મુંબઈના કુર્લામાં અગાઉ એક કરોડપતીની કન્યાના પગે સફેદ ડાઘ દેખાતાં તેને શેતાની કૃત્ય ગણાવીને કુટુંબની મહીલાઓ પાસેથી લાખો રુપીયા પડાવી લેવામાં આવ્યા હતા અને જેવા રુપીયા મળતા બંધ થયા કે ખોટા કેસો ઉભા કરીને એ મહીલાઓને હેરાન પરેશાન કરી નાખવામાં આવી હતી. આ કરતુતનો કરનાર તાંત્રીક બાઈજ્જત બરી થઈ ગયો હતો અને મહીલાઓની આબરુના ધજાગરા ઉડયા હતા.

વીરારમાં પણ એક ની:સંતાન પરીણીતાએ સંતાન પ્રાપ્તી માટે પોતાના સગા ભાઈની ૧૫ વર્શીય પુત્રીનો ભોગ આપ્યો હતો.

આવી અંધશ્રધ્ધાના નીવારણ માટે સરકાર કોઈ પગલાં લઈ શકતી નથી, તેથી રેશનલીસ્ટોએ જ સાબદા થવું પડે.

વીચારલાલીત્ય

ટીકા પ્રત્યે સહીશ્ણું

ત્રણ હાઈકોર્ટમાં ન્યાયાધીશ તરીકે મેં હંમેશાં વકીલોને કહ્યું છે કે તેઓ ઈચ્છે એટલી મારી ટીકા કરી શકે છે. જો ટીકા સાચી હશે તો હું સ્વીકારી લઈશ, નહી તો તેની અવગણના કરીશ.

– માર્કંડેય કાત્જુ (સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ)

વાડી ખરી, પણ દલા તરવાડીવાળી વાડીથી કંઈક જુદી

વાંચો આ પત્ર

મુ. ગુલાબભાઈ,

"રમણ ભ્રમણ" માટે અંતરના અભીનંદન. લગે રહો.

'વીવેકપંથી' વાંચવું ગમે છે. આજે તમે દલા તરવાડી બનો અને હું વાડી બનું.

"લઉં બારસો ?"

"લેને ભાઈ, પાંચ હજાર"

પણ તે ખાલી વાતથી નહી. આ સાથે રુ. ૫૦૦૦નો ચેક મોકલું છું.

તમને ચંદ્રક સ્વીકારતા જોવાનો લ્હાવ લઈ શકતો નથી, પણ હજી પચીસ વર્શ સુધી રેશનલીઝમની સેવામાં લાગ્યા રહો. સમગ્ર ભારતના રેશનલીસ્ટો તમારી શતાબ્દી ઉજવશે ત્યારે હું પણ મારા ૯૪મા વર્શે હાજર રહીશ. પ્રોમીસ.

– ભગવાનજી રૈયાણી

કુબેર ભુવન, બજાજ રોડ, વીલેપાર્લે (પ.), મુંબઈ – ૪૦૦ ૦૫૬

ખીસ્સાખર્ચમાંથી મહીને માત્ર રુ. ૧૦૦/– વાર્શીક રુ. ૧૨૦૦/– ફાળવી શકે તેવાં ૨૩ નામો નોંધાઈ ગયાં અને હવે વારો તમારો

તસવીર તમારી

પ્રીય મીત્ર,

હવે તો તમે જાણો જ છો કે આપણે માત્ર 'વીવેકપંથી'ના પ્રકાશનથી જ સંતોશ માનવો નથી. રેશનલીસ્ટ જીવનશૈલી વધુમાં વધુ લોકોમાં ઉતારવા – વધુમાં વધુ લોકોને રેશનલીસ્ટ બનાવવા આપણે અનેક રીતે ઝઝુમવાનું છે.

આ માટેનું ઈંધણ તમારે જ પુરું પાડવાનું છે. તો તમારા ખીસ્સાખર્ચમાંથી માસીક રુ.૧૦૦/– ના હીસાબે ૨૦૦૬–૦૭ના વર્શ માટે રુ. ૧૨૦૦નો VIVEKPANTHI ના નામનો ચેક આજે જ કાર્યાલયના સરનામે રવાના કરો.

રમણ ભ્રમણ સુવર્ણ ચંદ્રક અર્પણ સમારોહ નીમીત્તે સુરતના ૮ મીત્રોએ રુ. ૯૬૦૦ આપીને પોતાનો જે ભાવ વ્યક્ત કર્યો છે તેને પ્રતીભાવ તમારો જોઈશે જ.

નીચે આપેલી યાદી સાથે ૨૩ નામો નોંધાયાં છે. આપણે ૮૦ની જરુર છે.

મે ૦૭ના અંકમાં વાર્શીક ૧૨૦૦ કે તેથી વધુ રકમના સ્વૈચ્છીક દાતાઓનાં નામો તસવીર સાથે પ્રગટ થશે. ૩૦ એપ્રીલ સુધી ચાલુ વર્શની નોંધણી થઈ શકશે. ઝડપ કરો.

'વીવેકપંથી' ૨–સી/૧, અસ્મીતા મોગરા, દત્ત જગદંબા રોડ, શેરે પંજાબ સોસાયટી, અંધેરી (પુર્વ), મુંબઈ – ૪૦૦ ૦૯૩.

૧૫.	૧૨૦૦	થાવરભાઈ ગડા – મુંબઈ
૧૬.	૧૨૦૦	બચુભાઈ પંચાલ – સુરત
૧૭.	૧૨૦૦	રામજીભાઈ ઈટાલીયા – સુરત
૧૮.	૧૨૦૦	છગનભાઈ બરવાડીયા – સુરત
૧૯.	૧૨૦૦	વલ્લભભાઈ ઈટાલીયા – સુરત
૨૦.	૧૨૦૦	વાલજીભાઈ ખોખર – સુરત
૨૧.	૧૨૦૦	હસમુખભાઈ દેસાઈ – સુરત
૨૨.	૧૨૦૦	વીજય ચૌહાણ – સોનગઢ, સુરત
૨૩.	૧૨૦૦	એ. પી. શાહ – મુલુન્ડ, મુંબઈ

યોગદાન આપી ચુકેલા આ ત્રેવીસ મીત્રો તેમની પાસપાર્ટ સાઈઝની તસવીર તરત જ મોકલી આપે.

હવે પછી નોંધાવનારા સ્વૈચ્છીક દાતાઓ પણ રુ. ૧૨૦૦ કે તેથી વધુ રકમ ના ચેક સાથે પોતાની તસવીર જરુર મોકલે.

ચાનક ચડાવતા સંદેશા

સંદેશાના રુપમાં સુરત અને મુંબઈ પહોંચેલા પ્રાસંગીક પત્રો

પ્રીય બાબુભાઈ,

રમણભ્રમણ ચંદ્રક માટે મુ. ગુલાબભાઈની વરણી સમયોચીત છે. જીવનના ૮મા દાયકામાં જૈફ વયે મુંબઈમાં રેશનલીઝમની જ્યોત જલતી રાખવા માટે સખત સંઘર્શ એ કરી રહ્યા છે. 'વીવેકપંથી' એમનું જ સર્જન છે. એનું સંપુર્ણ પોશણ અને સંવર્ધન એકલે હાથે કરે છે. દરેક પ્રવૃત્તી પર નજર રાખવા ગમે ત્યાં દોડી જાય છે. એમનું યોગ્ય સન્માન કરવા બદલ સત્યશોધક સભાને ધન્યવાદ.

– ભગવાનજી રૈયાણી (મુંબઈ)

વ્હાલા ઉત્તમભાઈ

હવે તો ઘડીઓ જ ગણાતી હોય, આજ (તા. ૨૮ ફેબ્રુઆરીની) સાંજે. આ અવસરે તમે તો જવાના જ હશો. સમાચારે મને રાજી કર્યો. ગુલાબભાઈને મારાં વધામણાં – જુહાર. તમે ઠીક મારી નજરે મુકયું.

– વીપુલ કલ્યાણી (લંડન)

આત્મીય ડૉ. પરીખ સાહેબ,

સુવર્ણ ચંદ્રક માટે ગુલાબભાઈની પસંદગી બદલ ધન્યવાદ. મને એમનો પ્રથમ પરીચય એમના ચર્ચાપત્રો મારફત થયો હતો. એમના પત્રો જીવંત હોય છે. વીરોધી વીચારો સામેની એમની સહીણુતા ગજબની છે. હઠાગ્રહીઓ માટે પણ એ ડંખ નથી રાખતા.

વાત કરવાની શૈલી એવી કે સાંભળ્યા જ કરીએ. મુંગા રહેનારને એ બોલતા કરી દે. એમની રમુજો પણ મીઠી મધ જેવી હોય. એક બહુમુખી પ્રતીભાના સન્માન પ્રત્યે હું ખુશી વ્યક્ત કરું છું.

– ડૉ. સુધાકર હાથી (જામનગર)

રેશનલીસ્ટ મુરબ્બી ગુલાબભાઈ,

આપને મળનારો ચંદ્રક મને મળ્યા જેટલો આનંદ છે. રેશનલીસ્ટોની સંખ્યા વધારવામાં તમે જે પ્રયત્નો કરો છો તે સ્તુત્ય છે. આ કામ કપરું છે, લાંબા સમયે પણ ફળ મળે તો મળે, પણ મહેનત તો ચાલુ રહેવી જ જોઈએ. ધાર્મીક સમારંભો અને ઉત્સવો પર અંકુશ આવે તો ઘણો ફેર પડે.

– રવી પટેલ (રાજકોટ)

શ્રીમાન બાબુભાઈ દેસાઈ,

મારા આદરણીય મુરબ્બી–ફ્રેન્ડ, ફીલોસોફરને ગાઈડ રમણ પાઠકનો રમણભ્રમણ સુવર્ણ ચંદ્રક વીવેકપંથી દ્વારા જૈફ ઉમરે પણ રેશનલીઝમનો પ્રકાશ પાથરી રહેલા મુ. ગુલાબભાઈને મળી રહ્યો છે તેનો આનંદ છે. સત્યશોધક સભાને પણ સુયોગ્ય નીર્ણય બદલ અભીનંદન.

– એન. વી. ચાવડા (કડોદ)

આદરણીય પરીખ સાહેબ,

રેશનલીઝમના પ્રચારમાં ગુલાબભાઈની જહેમતની તમે કદર કરી રહ્યા છો એનો મને હર્શ છે. રુપાલની પલ્લી સામે ઝુંબેશ ચલાવો તો તન–મન–ધનથી સાથ આપીશ.

– કાંતીલાલ ભુત (રાજકોટ)

સાચા અર્થમાં મુરબ્બીવટ શોભાવનાર ગુલાબભાઈનું સન્માન સાચા રેશનલીઝમનું સન્માન છે. ગાંધીનગરની ભાશા પરીશદની બેઠકમાં એમને વંદન કરવાનો મોકો મળ્યો હતો ત્યારે "કેમ છો બેટા ?" કહીને એમણે મારા ખભ્ભે હાથ મુક્યો હતો ત્યારે હું ગદ્‌ગદ્ થઈ ગયો હતો.

– રમેશ રાઠોડ (અમદાવાદ)

પ્રીય ગુલાબભાઈ,

આજ ૨૮મીનો સમારંભ સારો જ જશે એ નીશંક છે. તમને અને આયોજકોને ધન્યવાદ, હવે પછીના રમણભ્રમણ સુવર્ણ ચંદ્રકના હક્કદાર ઉત્તમ ગજ્જર ગણાય ?

– રામજીભાઈ પટેલ (અમદાવાદ)

સમારંભની સફળતા માટે હાર્દીક શુભેચ્છા, યોગ્ય સમયે યોગ્ય કામ થઈ રહ્યું છે.

– જયંત પંડયા (રાજકોટ)

રેશનલીઝમના પથ ઉપર "વીવેકપંથી" દ્વારા પ્રકાશ પાથરનાર મશાલચી મુ. મીત્ર ગુલાબભાઈના સન્માનનો ઉડો આંનદ છે.

– બળવંત પટેલ (ગાંધીનગર)

આદરણીય ગુલાબભાઈ,

આ નીખાલસ કબુલાત છે. તમને રેશનલીસ્ટ બનાવવનો યશ જેમ મુ. રમણભાઈ પાઠકનો છે, તેમ મને રેશનલીસ્ટ બનાવવાનો યશ આપનો છે. "વીવેકપંથી"ના વાંચનથી જ હું રેશનલીસ્ટ બન્યો છું. તમારાં જેટલાં સન્માન થાય તેટલાં થોડાં છે. કોઈપણ સામયીક પ્રગટ કરવામાં ગજબનાં સુઝ અને શ્રમની જરુર પડતી હોય છે. તેમાંય આ તો રેશનલીસ્ટ !

– ભીખાભાઈ અમીન (નારદીપુર)

મુ. ગુલાબભાઈ

રેશનલીસ્ટોની સંખ્યા વધારવાના આપના સંનીશ્ઠ પ્રયત્નોની કદર રુપે આપને મળતા રમણ ભ્રમણ સુવર્ણ ચંદ્રક આપના કાર્યની સમયોચીત કદર છે. મીશન માટે જ શતાયુ થાવ તેરી શુભકામના

– ભુપત જાજલ (કલકત્તા)

સમાજ માટે આપણે રેશનલીસ્ટો જે પાયાનું કામ કરીએ છીએ તેમાં આપનું યોગદાન સવીશેશ છે. તમને હજી ઘણા મોટા મોટા એવોર્ડો મળવા જોઈએ. પણ રેશનલીસ્ટોની કદર કોણ કરે ? રમણભ્રમણ એક દીવસ અત્યંત મુલ્યવાન પુરવાર થશે જ .

–વીનોદ વામજા (ધોરાજી)

ગુજરાત–મુંબઈ રેશનલીસ્ટ એસોસીએશનની

કાર્યવાહક સમીતીની એક બેઠક શુક્રવાર તા. ૬–૪–૦૭ના રોજ
"નયા માર્ગ" કાર્યાલય, ખેત ભવન, ગાંધી આશ્રમ પાસે, અમદાવાદ
ખાતે બપોરે ૧ વાગ્યે મળશે. સૌ સભ્યોને હાજર રહેવા વીનંતી છે.

– બાબુભાઈ દેસાઈ (મહામંત્રી)

પુશ્પના સ્થાને મળેલાં પુસ્તકો

રમણ ભ્રમણ સુર્વણ ચંદ્રકની

સાથે

સાહીત્ય સંગમ તરફથી જનક નાયકનાં
આ સાત પુસ્તકોનો સંપુટ ગુલાબ ભેડાને
નાનુભાઈ નાયકના હસ્તે ભેટ મળ્યો હતો

૧. ચીંતનસાફલ્ય, ૨. સંસારચીંતન
૩. ચીંતનમૈત્રી ૪. પાંચ મીનીટનું ચીંતન
૫. ચીંતનની સંગે ૬. અમૃતચીંતન ૭. હાસ્યયોગ

સમારંભનો સચીત્ર અહેવાલ આવતા અંકે

સાવલીયાની સંગે સંગે

રેશનલીસ્ટો વેરવીખેર છે

૪૩મા મીત્રમીલનમાં રવજી સાવલીયાનું પ્રતીપાદન

વીવેકપંથી જુથ – મુંબઈનું ૪૩મું મીત્રમીલન ૧૫મી માર્ચની સાંજે વીલેપાર્લે (પ.) સ્થીત આર્કીટેક્ટ મનોજ એન્ડ પરેશના ઓફીસ ખંડમાં મળી ગયું, જેમાં અમદાવાદથી આવેલા પ્રખર, પ્રખ્યાત અને પ્રતીશ્ઠીત રેશનલીસ્ટ રવજીભાઈ સાવલીયા સાથે વૈજ્ઞાનીક ગોશ્ઠી રાખવામાં આવી હતી.

પ્રથમ વખત જ આ બેઠક ભોજન સાથેની રાખવામાંઆવી હતી જેનું સૌજન્ય મીત્ર પ્રવીણ વે. શાહે કર્યું હતું. ઉપસ્થતી ૩૫ મીત્રોની હતી.

સંયોજક દામજી સાવલાએ આવકાર પ્રવચનમાં રવજીભાઈના મળી રહેલા અનાયાસ લાભ માટે આનંદ વ્યક્ત કરતાં યજમાનો પ્રવીણ વે. શાહ અને મનોજ–પરેશના સદ્‌ભાવને વધાવ્યો હતો.

સભાસંચાલક ગુલાબ ભેડાએ રવજીભાઈ સાવલીયા સાથેના નીજી પરીચયના આધારે તેમના વીરલવ્યક્તીત્વનો સવીસ્તર ચીતાર આપ્યો હતો.

વીશેશરુપે પોતાના વૈજ્ઞાનીક અભીગમ માટે જ જાણીતા રવજીભાઈએ સળંગ પચાસ મીનીટની એકધારી ચર્ચામાં વીજ્ઞાન, ધર્મ અને રેશનલીઝમના અનેક મુદ્દાઓની સાંકળ રચી આપી હતી. જેમકે વીજ્ઞાનને કોઈ અંતીમ નથી. કોઈ પણ સમસ્યાનો ઉકેલ વીજ્ઞાન પાસે છે, ધર્મ પાસે નથી. ખેડુતોનો ઉધ્ધાર માત્ર શ્રમમાં જ નથી. શ્રમ સાથે ટેકનીક ભેળવવી જ પડશે. ગમે તેટલા મોટા સમુહની માન્યતાથી સત્ય સ્થાપીત થઈ જતું નથી. ઉતરતી પેઢીને સમજણ આપવાની મહેનત નકામી છે કુમળી જમીન પર જ કુંપણ ફુટે – વીદ્યાર્થીઓમાં વૈજ્ઞાનીક વીચારોનું વાવેતર કરીએ. આપણે રેશનલીસ્ટો વેરવીખેર છીએ. એકત્ર થઈને આગળ વધીશું તો આવનારા દીવસો આપણા જ છે. નીરાશ થવાની કોઈ જરુર નથી. બસ, વીચારો વેરતા જ રહીએ. ક્યાંક–ક્યારેક તો ઉગી જ નીકળશે.

સામાન્ય રીતે પ્રવચન કરતાં પ્રશ્નોત્તરી જ પસંદ કરતા રવજીભાઈએ અહીં પ્રવચન ખુબ અસરકારક ક્યું પણ સમયના અભાવે પ્રશ્નોત્તરી જામવી જોઈએ તેવી જામી નહી. આમ છતાં લલીત નગરશેઠ, નવીન પંડયા, ભગવાનજી રૈયાણી, મનોજ દુબલ, જીતેન્દ્ર પાસડ, જવાહર મહેતા વગેરેએ વીવીધ પ્રશ્નો ઉઠાવીને તેનું સામાધાન મેળવવા પ્રયત્ન કર્યો હતો.

રવજીભાઈ સાથે તેમનાં પત્ની ત્રીવેણીબેન પણ આવ્યાં હતાં એ વીશેશ લાભની સામે સભાસ્થળે મહીલાઓની સવીશેશ હાજરી જોઈને સાવલીયા દંપતીને આનંદ થયો હતો. 'રેશનલીસ્ટોની સભાઓમાં બહેનોની હાજરી ભાગ્યે જ થતી હોય છે. અહીં બહેનોની સારી સંખ્યા જોઈને મને સાનંદાશ્ચર્ય થાય છે' તેવો ઉદ્‌ગાર રવજીભાઈએ કાઢયો હતો.

હોળી ધાર્મીક તહેવાર નથી જ

હીરણ્યકશીપુએ પ્રહલાદને ખુબ દુઃખ દીધું – તે સાચું, પણ તેને 'હોલીકા' નામની કોઈ બહેન હતી જ નહીં. તેથી "હોલીકા ફઈના ખોળામાં પ્રહલાદને બેસાડયો અને આગ ચાંપી, પછી હોલીકા બળી ગઈ અને પ્રહલાદ બચી ગયો તેથી પછીને દીવસે લોકોએ રંગ ઉડાડી આનંદ મનાવ્યો." આ બધી વાતો ખોટી. પ્રહલાદની કથા શ્રીમદ્‌ ભાગવતમાં છે. તેમાં આવી કશી વાતો નથી. આ બધી વાતો લોકોનું સર્જન છે.

વળી અગ્નીપુજાને નામે હોળી પ્રગટતી હોય તો તે પણ બરોબર નથી. નાનકડો દીવો પ્રગટાવીને અગ્ની પુજા રોજ ઘરોઘર થાય છે. તેથી તેને માટે પાર વીનાનાં છાણાં–લાકડાંનો પાંચ મીનીટમાં નાશ કરી દેવો તે વાજબી નથી. માગી ભીખીને કે ચોરી લુંટીને છાણાં–લાકડાં એકઠાં કરાય છે. તેના કરતાં તો પાંચ ગરીબ કુટુંબને એક દીવસનું બળતણ પુરું પાડવું તે સાચી હુતાશણી ઉજ્વી કહેવાય.

ફાગણ–સુદ પુનમને દીવસે આવતો આ ઉત્સવ ખરેખર તો વસંતોત્સવ છે. વાતાવરણમાં શીયાળાની કડકડતી ટાઢ ઓછી થતાં જે હુંફાળું વાતાવરણ થયું તેના આનંદમાં 'કેમ્પ ફાયર' કરવામાં આવે છે. પછીને દીવસે રંગ રમવામાં આવે છે. પણ પછી પાકા રંગો, ચામડી માટે હાનીકારક પદાર્થોની, ગટરની ગંદકી વગેરેથી ધુળેટી રમવાનું શરૂ થતાં આ પર્વ ગંદુ અને અસંસ્કારી બની ગયું છે. ભણેલા લોકોએ આ પર્વનો છેદ ઉડાડી દેવો જોઈએ. વરસભરના વેરની વસુલાતો આ પર્વમાં થતી હોય છે. પર્વો આનંદ માટે છે કે લડાઈ–દંગા માટે ?

['સપ્રેસ' ૧ માર્ચના અંકમાં ડો. રક્ષાબેન પ્ર.દવેના લેખનો એક ભાગ]

મંતવ્ય પ્રા. જે. પી. મહેતા શું કહે છે ?

ગુલાબભાઈ વીશેની વાત હોવાના કારણે જ જો છાપવામાં નહી આવે તો કીટ્ટા થઈ જશે .... હા ....!

મીત્ર જવાહર મહેતાના એકાક્ષરી ઉત્તર માગતા પ્રશ્નનો એકાક્ષરી ઉત્તર ગુલાબભાઈએ અદ્દલ આપ્યો કે એ ઈશ્વરમાં માનતા નથી.

આપણે સૌ જાણીએ છીએ કે ઈશ્વરરૂપી મુળવાળા વૃક્ષનું થડ છે ધર્મ, ડાળીઓ છે ધર્મગ્રથો, પાંદડાં ધર્માંધ રુઢીઓ અને ફળ છે ધર્મગુરુઓ. અતઃ વૃક્ષને મુળમાંથી જ ઉખેડી નાખીએ તો એનાં કુફળ ચાખવા ના પડે. વીનમ્ર, કર્મઠ અને સન્મીત્ર વીવેકપંથી ગુલાબભાઈ આ સારી રીતે સમજે છે. પોતાના મોંએ કહેવું કે પોતે અભણ અવીદ્વાન છે એ નીખાલસતા દુર્લભ છે. હું કહું છું કે તેઓ ભલે પુરું ભણેલા નથી, પણ પુરેપુરા ગણેલા છે. એ ડાહ્યા, કોઠાસુઝવાળા અને રેશનલીઝમના દરેક ગુણવાળા છે. અમારા – આપણા સૌના પ્રૌઢ માર્ગદર્શક છે. તેઓ શતાયુ થાય તેવી આપણા સૌની લાગણી છે.

ખુલાસામાં એમણે એક અમુલ્ય વાત કહી છે. માત્ર ઈશ્વરમાં ના માનવાની નાસ્તીકતા જ પુરતી નથી. રેસનલીઝમમાં એ સીવાય પણ બીજું ઘણું છે. ખરેખર તો જીવન જીવવાનો એ ઉત્તમ માર્ગ છે, જેના પર ચાલવાથી આનંદ જ આનંદ અને સુખ જ સુખ છે. માત્ર આપણી વીચાર દીશા ઈશ્વરવાદથી માનવવાદ તરફ વાળવાની જરુર છે. રેશનલીઝમની ચોખ્ખી વ્યાખ્યા છે કે પુર્ણ નાસ્તીકતા પણ માનવ પ્રત્યેની પુરી આસ્તીકતા. રેશનલીઝમ એટલે સમાન દ્રષ્ટીએ સમગ્ર, વીશ્વને જોવું અને વીશ્વશાંતી – વીશ્વ કલ્યાણ ઝંખવાં.

રેશનલીઝમની વ્યાખ્યા વ્યાપક છે. એ માત્ર ઈશ્વરના ઈન્કાર પુરતી જ મર્યાદીત નથી એ વાત સાચી છે. ગુલાબભાઈ જેવા વીવેકપંથી સૌ બનીએ ને અન્યોને બનાવીએ.

હવે ફેબ્રુઆરીના અંક માંહેના બે મંતવ્યોના ખુલાસા આપું. ભાઈ ચંદ્રવદન પંડયાને કહેવાનું કે અમારો કાળી ચૌદશે સ્મશાનમાં જઈને વડા ખાવાનો કાર્યક્રમ લોક જાગૃતી માટેનો જ હોય છે. લોકોના મનમાંથી વહેમ અને ભય ભગાડવાનો એમાં આશય હોય છે. પંડયા, જેઓ પોતે પણ રેશનલીસ્ટ જ છે, તેમને કહેવાનું કે આપણે સીંહો છીએ, ઘેટાં નથી.

જી. પી. શાહનો પત્ર મારાં છોતરાં ઉખેડવા જ છપાયો છે. હું મારી પુસ્તીકાઓ એમને મોકલતો હતો, પણ તેઓ તો ધર્મભાવી જ છે તેવું જણાઈ આવતાં હવે નહી મોકલું. રેશનલીઝમનો તો ઉદ્દેશ જ ગુરુવાદ, ઈશ્વરશ્રધ્ધા, ધર્માંધતા, ચમત્કારો, અંધશ્રધ્ધા ઉખેડી ફેંકવાનો છે, જ્યારે જી.પી. શાહનો ઉદ્દેશ એ તમામનો બચાવ કરવાનો છે. ધર્મે પ્રદાન કરેલા ભ્રશ્ટાચાર, વહેમ, ગરીબી, અજ્ઞાન દુર કરવા ઝઝુમવું એ પ્રત્યેક રેશનલીસ્ટનું કર્તવ્ય છે.

– જે. પી. મહેતા
રાધીકા એપાર્ટમેન્ટ, ગાંધીબાગ રોડ, મહુવા

સુત્રોનું અનુસરણ જોખમી છે.

પ૭મા અંકના પાના–૬ ઉપર પેરાકલીસસના 'હોલીસ્ટીક હીલીંગ હેલ્થ'માંથી લીધેલાં સુત્રો છપાયાં છે. કોઈપણ ક્ષેત્રમાં સુત્રોની ભાશામાં માર્ગદર્શન આપવાનું જોખમી છે. કારણકે જીવન અંકગણીતના કોયડાઓ જેવું નથી કે જેમાં સમસ્યાઓના ઉકેલ સીધી રેખામાં આવે. તેમાં પણ આરોગ્ય ક્ષેત્રે તો સમસ્યાઓ ખુબ ગુંચવાડાવાળી અને વ્યક્તીએ વ્યક્તીએ અલગ હોય છે. આથી પ્રગટ થયેલાં મોટાભાગનાં સુત્રો જીવનમાં સીધાં ઉતારવા જેવાં નથી.

'માંદગીમાં લેવાયેલો ખોરાક રોગીને નહી, પણ રોગને પોશણ આપે છે' એ સુત્ર તો સો ટકા ગેરમાર્ગે દોરનારું છે. આ સુત્ર દ્વારા એવો જ સંદેશો આપવામાં આવ્યો છે કે માંદગી દરમીયાન ભુખ્યા રહેવું તે રોગીને માટે ભારે નુકશાનકારક પુરવાર થાય તેમ છે. રોગના સમય દરમીયાન રોગીના શરીરમાં ઘણી ભાંગફોડ થાય છે. એનું સમારકામ દવા અને ખોરાક જ કરી શકે.

આથી સુશ્રુશા કરતા એલોપથી ડોકટરની સુચના અનુસારનો ખોરાક રોગીએ ખાવો જ જોઈએ. બહુ જ અલ્પ રોગો એવા છે કે જેમાં ખોરાક લેવા પરનો પ્રતીબંધ યોગ્ય ગણાય છે.

ઓપરેશન બાદ થોડાઘણા સમય માટે ખોરાક લેવાનો હોતો નથી. આવા અપવાદરુપ કીસ્સા સીવાયના રોગોમાં રોગીએ ખોરાક લેવો જ જોઈએ. વીવેકબુધ્ધીવાદ અનુસાર અને આવાં કોઈપણ નીવેદન પુરતી ચકાસણી પછી જ થવાં જોઈએ. અન્યથા વીવેકબુધ્ધીવાદના પ્રચારના નામે અજાણતાં પણ આપણે એનાથી વીરુધ્ધનું કામ કરી બેસીશું.

– સુર્યકાન્ત શાહ
૧૭, ગાયત્રી, ગંગાનગર, અડાજણ, સુરત

આધ્યાત્મીક લગ્ન ? એ વળી શું ?

રાજમોહન ગાંધી લખે છે કે ગાંધીજી સરલાદેવીના પ્રેમમાં પડયા હતા અને ગાંધીજીએ લખ્યું છે કે તેમનો

સરલાદેવી સાથેનો આધ્યાત્મીક લગ્ન સંબંધ હતો. આ વીરોધાભાસ સમજાતો નથી. મેં તો આધ્યાત્મીક લગ્નનો શબ્દપ્રયોગ પહેલીવાર જ વાંચ્યો.

જો ગાંધીની વાત માન્ય રાખીયે તો એમ માની શકાય કે એ સરલાદેવીના આધ્યાત્મીક પતી હતા. રીવાજ મુજબના કે કાનુની રાહે સ્ત્રીપુરુશ લગ્ન કરે એટલે એકમેકના પતી-પત્ની બને છે, જેમને યોન સંબંધ બાંધવાની મંજુરી મળે છે.

સમાન વીચારો, આદર્શો કે ઉદ્દેશોમાં બે વીજાતીય પાત્રોમાં સામ્ય પ્રવર્તે તો તેઓ જરુર એકમેકની નીકટ આવી શકે – આવી જ જાય. પણ તેવા સંબંધને વૈચારીક મૈત્રી કહેવાય છે. ગાંધીજીએ આધ્યાત્મીક લગ્ન શબ્દ વાપરીને ગેરસમજ ઉભી કરી છે. વળી કહેવાતો આધ્યાત્મીક સંબંધ ક્યારે ભૌતીક સંબંધમાં ફેરવાઈ જશે તે કહી શકાય નહી. બે વીજાતીય પાત્રો વચ્ચે દેહસંબંધ બંધાઈ જવો સ્વાભાવીક છે. કામવાસના પ્રબળ અને પ્રાકૃતીક પરીબળ છે. પછી ત્યાં વીશ્વામીત્ર હોય, કૃશણમુર્તી હોય કે ગાંધી. જૈન કે સ્વામીનારાયણી સાધુઓ માટે પણ એનાથી બચવું મુશ્કેલ હોય છે.

ગાંધીજી પાછલી વયે બ્રહ્મચર્યના પરમ ઉપાસક બન્યા. એમના આધ્યાત્મીક લગ્નનો વીચાર સામાન્ય બુધ્ધીમાં બેસે તેવો નથી. દૈવી પ્રેમ (Platonic Love) જેવું ખરેખર કંઈ છે ખરું ? કે પછી માત્ર કવી કલ્પના જ છે. રાધા-કૃશણ વચ્ચેના પ્રેમ દૈવીપ્રેમ તરીકે ગવાયો છે, પણ ત્યાંય આધ્યાત્મીક લગ્ન જેવો શબ્દપ્રયોગ થયો નથી. જયદેવે ગીતગોવીંદમાં રાધાકૃશણ વચ્ચેના પ્રેમને શૃંગારીક શબ્દોમાં વર્ણાવ્યો છે. જે દૈવી પ્રેમ સાથે દૈહીક પ્રેમ પણ હતો. નહેરુ અને લેડી માઉન્ટ બેટન વચ્ચે જે સંબંધ હતો તે આધ્યાત્મીક, માનસીક કે શારીરીક હતો?

સરલાદેવી સાથે સંબંધ બંધાયો ત્યાં સુધીમાં ગાંધીજી બ્રહ્મચર્યવ્રત ધારણ કરી ચુકયા હતા. ધારો કે ૧૦૦ દીવસના ટુંકા સમયમાં તેઓ સ્ખલીત ન થયા હોય તો પણ અને સંબંધ જો લંબાયો હોત તો પણ આધ્યાત્મીક લગ્ન સંબંધ જ રહી શક્યો હોત ? બ્રહ્મચર્યની ગાંધીની ભાવના ઘેલછાની હદે પહોંચી હતી. એ વ્રતની મક્કમતા ચકાસવા એમણે પોતાની બે ભત્રીજીઓ સાથે પણ પ્રયોગ કર્યો હતો જે ટીકાપાત્ર ઠર્યો હતો. અલબત્ત સરલાદેવી સાથેનો તેમનો સંબંધ પણ આશ્રમવાસીઓને નારાજ કરી ગયો હતો.

ગુણવંત શાહ સાચું જ કહે છે. ગાંધીજી પણ અંતે તો માણસ જ છે. એમનો 'સોફ્ટ કોર્નર' શબ્દ સુચક બની રહે છે. અંતમાં ગાંધીજી પ્રત્યેના પુરા આદર સાથે એમના વીશે આઈન્સ્ટાઈને કહેલા આ શબ્દોથી વાત પુરી કરીશ : "આવતી કાલની પેઢી માની પણ નહી શકે કે એક વખત પૃથ્વી પર ગાંધીજી જેવો મનુશ્ય દેહધારી મહાપુરુશ થઈ ગયો." કાદવ ઉછાળ્યે તેમની પ્રતીભા ઝંખવાશે નહી.

– લક્ષ્મીદાસ ખટાઉ

૨૧, સુબોધગુરુ, ટાગોર રોડ, સાંતાક્રુઝ (પ.) મુંબઈ –૫૪

ભુલ સ્વીકાર

જાન્યુઆરી '૦૭ના અંકમાંહેની સુર્યકાન્ત શાહની ટીપ્પણી ખરી છે. રેશનલીસ્ટ નાસ્તીક નથી તેવા મારા વીધાનમાં શરતચુક છે જ. બાકી સમગ્ર લેખનો પ્રતીઘોશ રેશનલીસ્ટ નાસ્તીક હોય જ તેવો છે. ધ્યાન ખેંચવા બદલ સુર્યકાન્તભાઈનો આભાર,

– અશ્વીન કારીઆ
લો કોલેજ, પાલનપુર

ગુજરાત-મુંબઈ રેશનલીસ્ટ એસોસીએશનના ઉપક્રમે
ઓકટોબર – નવેમ્બરમાં રાશ્ટ્રીય અધીવેશન

એસોસીએશનની કાર્યવાહક સમીતીની બેઠક શનીવાર તા. ૨૪-૩-૦૭ની સાંજે પાલનપુર લો કોલજેમાં અશ્વીન કારીઆના પ્રમુખસ્થાને મળી હતી, જેમાં લેવાયેલા નીર્ણય પ્રમાણે આગામી ઓકટોબર અથવા નવેમ્બરની અનુકુળ તારીખોએ રાશ્ટ્રીય કક્ષાએ રેશનલીસ્ટ અધીવેશન યોજવામાં આવનાર છે.

બેઠકના પ્રાંરભે પ્રમુખસ્થાનેથી નીવેદન કરવામાં આવ્યું હતું કે એસોસીએશનની સ્થાપના પછીના દોઢ વર્શમાં કારોબારીની ફક્ત એક જ મીટીંગ થઈ છે. છેલ્લે વીજયવાડામાં મળેલી દ્રહી વર્લ્ડ કોન્ફરન્સમાં ગુજરાત-મુંબઈના ૧૨ મીત્રોએ હાજરી આપી હતી ત્યારે ઈન્ડીયન રેશનલીસ્ટ એસોશીએશનના પ્રમુખ આર. વૈંકટાટ્રીની તેમના વતન ચીરાલામાં મુલાકાત કરી હતી અને તેમની સાથે રાશ્ટ્રીય કક્ષાએ ગુજરાતમાં બે દીવસનું અધીવેશન રાખવા અંગે ચર્ચા કરી હતી. સુચીત અધીવેશન માટે મળેલા નાણાંકીય સહકારની વીગતો પણ પ્રમુખે રજુ કરી હતી.

ચર્ચામાં જવાહર મહેતા, ગુલાબ ભેડા, ભીખાભાઈ અમીન, દેશમુખ, નારાયણ સોલંકી, અર્જુન વાઘેલા, જગદીશ સુથાર, તુલસી ચૌહાણ, જયેન્દ્રસીંહ રાણા, વીરાભાઈ પરમાર, વસંત યાદવ, મોહનભાઈ રાજ, ગીરીશ સુંઢીયા વગેરે મીત્રો સહભાગી થયા હતા. હાજરી ૨૭ સભ્યોની હતી.

અંધશ્રદ્ધાનીર્મુલન કાયદા સામે શીવસેનાનો પણ વીરોધ
(મહારાશ્ટ્રમાં પણ હજી કાયદો થયો નથી)

અંધશ્રધ્ધાનીર્મુલન ચળવળ મહારાશ્ટ્રના પ્રાણવાન નેતા અને જાદુટોણા–અંધશ્રધ્ધા નીયંત્રણ કાયદો પસાર કરાવવા બબ્બે દાયકાથી ઝઝુમી રહેલા ડો. નરેન્દ્ર દાભોલકરે જણાવ્યું હતું કે અંધશ્રધ્ધા છોડવાનો સંદેશ આપનાર પ્રબોધન ઠાકરે (બાળા ઠાકરેના પીતા)ની વારસદાર ગણાતી શીવસેનાએ પણ આ કાયદાનો તીવ્રપણે વીરોધ કર્યો હતો. આ ઘટના ખરેખર આશ્ચર્ય ઉપજાવનારી છે.

એમણે મુંબઈમાં ખેદપુર્વક કહ્યું હતું કે ભારતમાં પોણા બસો વર્શ પુર્વે ત્યારની બ્રીટીશ સરકારે "સતીપ્રથા બંધી કાયદો" અમલમાં આણ્યો હતો અને એ કાયદાથી પતી પાછળ સતી થવાની અંધશ્રધ્ધા પર નીયંત્રણ મુકાયું હતું. જ્યારે આજે એકવીસમી સદીમાં પણ કેન્દ્ર સરકાર જાદુટોણા, દોરાધાગા વગેરે અંધશ્રધ્ધાના દુશણો પર નીયંત્રણ મુકતો કાયદો અમલમાં લાવી શકતી નથી.

ડૉ. દાભોલકરે ચેતના વીચાર મંચના કાર્યક્રમમાં અંધશ્રધ્ધાનીર્મુલન કાયદાની ગતીવીધી પર સંભાશણ આપતાં તા. ૨૫ માર્ચે કહ્યું હતું કે સમાજમાં પ્રાણઘાતક એવી અંધશ્રધ્ધાને બેડી પહેરાવતો અંધશ્રધ્ધાનીર્મુલન કાયદો થવો જ જોઈએ, જો કે આ માટે ૧૯૯૦ થી સક્રીય પ્રયત્નો ચાલુ છે. માત્ર સરકારની નામરજીથી જ આ કામ ગોકળગાયની ગતીએ આગળ ચાલે છે. અત્યાર સુધીમાં ક્યારેક આ કામ ધર્મવીરોધી હોવાનું જણાવી, ક્યારેક રાજ્ય અને કેન્દ્રની યાદી ઉપર હોવાનું જણાવી તો ક્યારેક અધીવેશનમાં રજુ થવાનું જ છે તેવું આશ્વાસન આપી અને ક્યારેક રાજ્યપાલની સંમતી નહી મળવાનું કારણ આગળ કરી પ્રશ્ન ચર્ચામાં જ લવાતો નથી.

પાલનપુર ખાતે અભ્યાસ શીબીર અને શહીદ ભગતસીંહ પરનો મુકદમો યોજાયા

ગુજરાત–મુંબઈ રેશનલીસ્ટ એસોસીએશન અને નવસર્જન પાલનપુરના સંયુક્ત ઉપક્રમે માનવવાદી વીચારસરણી પર આધારીત અભ્યાસ શીબીર તેમજ આ શીબીર દરમ્યાન શહીદ ભગતસીંહના જીવન પર પ્રદર્શન અને તેમની સામેના મુકદમા પર નાટક શો પાલનપુરની લો કોલેજ ખાતે ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ યોજવામાં આવ્યા હતા.

આ શીબીરમાં દક્ષીણ ગુજરત યુનીવર્સીટીના પુર્વ કુલપતી ડૉ. બી.એ. પરીખ ઉપરાંત જાણીતા મહીલા આગેવાન સોફીયાખાને સ્વસ્થ સમાજમાં સ્ત્રીઓની ભુમીકા વીશે પ્રેરક ઉદબોધન કર્યા હતાં. શહીદ ભગતસીંહને જેમાં ફાંસીની સજા જાહેર કરવામાં આવી હતી તે મુકદમા અમદાવાદની ડી.એસ.ઓ. સંસ્થાના નેજા હેઠળ જ્યેશ પટેલ તેમજ તેમના સાથીદારોએ રજુ કરેલ હતા. શહીદ ભગતસીંહ તરીકે ભાવીક રાજાએ કરેલો અભીનય આબેહુબ હતો. લો કોલેજ તેમજ અન્ય કોલેજ અને શાળાના વીદ્યાર્થીઓએ ખીચોખીચ હોલમાં આ મુકદમો નીહાળી શહીદ ભગતસીંહના સ્મરણો તાજાં કર્યા હતાં.

'વીવેકપંથી'ના તંત્રી ગુલાબભાઈ ભેડા, ગઢ હાઈસ્કુલના આચાર્ય જગદીશ સુથાર તેમજ નવસર્જન સંસ્થાના પ્રમુખ મોહનભાઈ રાજ, મહામંત્રી ગીરીશ સુંઢીયા વગેરેએ આ પ્રસંગને અનુરૂપ પ્રવચનો કર્યાં હતાં.

ગોધરાની હ્યુમેનીસ્ટ રેશનલીસ્ટ સોસાયટીના મંત્રી મુકુંદભાઈ સીંધવે ગ્રહો અને તારાઓ વીશે ખગોળને લગતી માહીતી અને જાણકારી શીબીરાર્થીઓને આપી હતી તથા ચતુરભાઈ ચૌહાણે ચમત્કારોના પર્દાફાસ કરતા પ્રયોગો કરી શીબીરાર્થીઓએ પુછેલા પ્રશ્નોના જવાબો આપ્યા હતા.

આ કાર્યક્રમમાં આકેડીવાલા એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ દીપકભાઈ આકેડીવાલા, પાયસ ફાઉન્ડેશનના નીયામક જીવરામભાઈ એમ. પરમાર, સર્વોદય ફાઉન્ડેશનના પ્રમુખ અશ્વીન જી. સકસેના અને ધી બનાસ શ્રેયસ શરાફી સ.મે.લી. પાલનપુરના ચેરમેન ડી.સી. પરમાર, મેનેજીંગ ડી. રે. વસંતભાઈ યાદવ અને વા. ચેરમેન સી.એમ. પરમાર વગેરેનો સારો સહયોગ મળ્યો હતો.

સંસ્થાના ઉપક્રમે થરાદ તાલુકાના માલી ગામે શાળાઓમાં અંધશ્રધ્ધાનીર્મુલન શીબીરોનું આયોજન થયું હતું, જેમાં પ્રમુખ અશ્વીન કારીઆ અને જગદીશ સુથારે પ્રવચન અને પ્રયોગો કર્યાં હતાં.

ઉત્સાહી શીક્ષક ઉત્પલ કુલકર્ણીના સહકારથી દયોદર તાલુકાના લવાણ ગામે પણ શીબીરો યોજાઈ હતી.

અ. ન. કારીઆ

પ્રમુખ, ગુજરાત–મુંબઈ રેશ. એસો. અને આચાર્ય લો કોલેજ, પાલનપુર

ચમકારો આવો જુલમ ! ?

તા. ૯મી માર્ચના આ મહત્ત્વના સમાચાર જુઓ

કુર્લા (મુંબઈ)ના એક કોલ સેન્ટરમાં કામ કરતા ધર્મેન્દ્ર મીશ્રાએ હાઈકોર્ટને અરજી કરી કે 'હું વીશ્ણુ, બુધ્ધ, ઈશુ અને એવું એવું બધું જ છું. આપણી આજુબાજુ જે કંઈ બની રહ્યું છે તે બધ્ધે-બધ્ધું હું જાણું છું અને તેથી ઈશ્વરી શક્તી ધરાવતા દેવતા-ભગવાન તરીકે મારો સ્વીકાર કરવો.'

પણ હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ જયનારાયણ પટેલ અને એસ.સી. ધર્માધીકારીની ખંડપીઠે એ અરજી કાઢી નાખતાં એવી નોંધ કરી કે આ પ્રકારની અરજી પર સુનાવણી હાથ ધરીને આદેશ આપવાનું તેમના અધીકાર ક્ષેત્રમાં નથી આવતું.

વીચાર કરો, માણસજાતને આ કેટલો મોટો અન્યાય થયો ગણાય ! યુગોયુગોથી માણસે દેવતા-ભગવાનની ખોજ કર્યે રાખી છે, પણ એનો પત્તો લાગ્યો નથી તેવામાં એક માણસ સામે ચાલીને જાહેર કરે છે કે એ પોતે જ ભગવાન છે ત્યારે એવા અનાયાસ જ સર્જાયેલા સુયોગ સામે હાઈકોર્ટ હાથ ઉંચા કરી દે એ કેવું !

જો નામદાર ન્યાયાધીશોએ મીશ્રાજીના એ દાવા પર મહોર મારી આપી હોત તો કમ સે કમ માણસ ઈશ્વરખોજની મીથ્યા મથામણમાંથી તો મુક્ત થાત !!!!!

"બેટા, હવે તો સાસરે ઠરીઠામ થઈને.
સાસુનો સ્વભાવ કેવો લાગ્યો. ?"
"વરસાદ જેવો; આગાહી હંમેશા ખોટી જ પડે."

★

જે દીકરાને હોશીયાર બનાવવમાં માતાને ૨૦-૨૫ વર્શ લાગે છે તેને મુર્ખ બનાવવામાં પત્નીને માત્ર ગણતરીના દીવસો જ લાગે છે.

★

ચર્ચીલનું ભાશણ સાંભળવા માટે અકડેઠઠ મેદની એકઠી થઈ હતી તે જોઈને સભાધ્યક્ષે ચર્ચીલને કહ્યું, "જુઓ તમારી લોકપ્રીયતા! "
"લોકપ્રીયતાનું માપ ટોળાં પરથી ના નીકળે" ચર્ચીલે જવાબ આપ્યો, "મારી ફજેતી થાય અથવા મને જાહેર ફાંસી અપાય તો આનાથી બમણી મેદની થાય."

"બેટા, વહુ કેવી ગમે?."
" પપ્પા, ચંદ્ર જેવી "
"એટલે સ્વરુપવાન ?"
"ના, રાત્રે દેખાય, દીવસે ના દેખાય તેવી."

★

"નેતાજી ના મગજનું ઓપરેશન તમે કર્યું ડોક્ટર ?"
"જી હા, ડોક્ટર. "
"કેટલો સમય લાગ્યો ?"
"આઠ-દસ કલાક"
"મગજના ઓપરેશનમાં તો વધુમાં વધુ દોઢ-બે કાલાક જ લાગવા જોઈએ."
"બરાબર છે. ઓપરેશન તો દોઢ કલાકમાં જ પતી ગયું હતું ડોક્ટર, બાકીનો સમય તો મગજ શોધવમાં ગયો."

PRINTED AND PUBLISHED BY GULAB BHEDA ON BEHALF OF 'VIVEKPANTHI GROUP'
2-C/1, Asmita Mogra, Datta Jagdamba Marg, Sher-E-Punjab Society, Andheri (East), Mumbai - 400 093.

PRINTED BOOK

To,

From :

વીવેકપંથી

C/o. Gulab Bheda
2-C/1, Asmita Mogra,
Datta Jagdamba Marg,
Sher-E-Punjab Society,
Andheri (East),
Mumbai - 400 093.

Printed by REAL PRINT SERVICES, Fort, Mumbai - 400001. • Cell : 93237 31040